પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૮૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૦૭-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાતનું ડેરીનું માર્કેટ એક લાખ કરોડ સુધી પહોંચ્યુ : વડાપ્રધાન

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના વિવિધ પ્લાન્ટનું વડાપ્રધાને લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ

હિમતનગર,

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવ્યા હતાં તેઓ આવતીકાલે ૨૯મી તારીખે ગુજરાતમાં છે. આજે પીએમ મોદી સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરીના વિવિધ પ્લાન્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યુ છે. જેમાં સાબર ડેરી હિંમતનગર ખાતે રૂ.૩૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત પાવડર પ્લાન્ટનું લોકાપર્ણ તેમજ રૂ.૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ચીઝ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કર્યું છે. આ ઉપરાંત રૂ. ૧૨૫ કરોડના ખર્ચે નિર્મિત ટેટ્રાપેકનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સુકન્યા યોજના અન્વયે દીકરીઓને ખાતા ખોલવાનો કાર્યક્રમ

અને મહત્તમ દૂધ ઉત્પાદન કરનાર મહિલા પશુપાલકોનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માન પણ કરવામા આવ્યુ છે.

પીએમ મોદીએ સંબોધન કરતા જણાવ્યુ કે, 'આજે સાબર ડેરીનો વિસ્તાર થયો છે. અહીં સેંકડો કરોડના નવા પ્રોજેક્ટ્સ સ્થપાઈ રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીથી સજ્જ મિલ્ક પાવડર પ્લાન્ટ અને એ-સેપ્ટિક પેકિંગ વિભાગમાં વધુ એક લાઇનના ઉમેરા સાથે સાબર ડેરીની ક્ષમતામાં વધુ વધારો થશે.' પીએમએ વધુમાં જણાવ્યુ કે, 'જેમ જેમ સિંચાઈની સુવિધાઓનો ગુજરાતમાં વિસ્તાર થયો, એમ એમ કૃષિ અને પશુપાલનના ક્ષેત્રમાં અમે ઘણો જ વિકાસ કર્યો અને ડેરીએ તેને મોટી તાકાત આપી.'

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટ સ્થાનિક ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને સશક્ત બનાવશે. અને તેમની આવકમાં વધારો કરશે. આનાથી પ્રદેશમાં ગ્રામીણ અર્થતંત્રને પણ વેગ મળશે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સાબર ડેરીનો વિસ્તાર થઈ રહ્યો છે ત્યારે નવો ચીઝ પ્લાન્ટ સાબર ડેરીને મદદ કરશે. આ પ્રસંગે તેમણે તમામ પશુપાલકો અને ડિરેક્ટરોને શુભકામના પાઠવી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે સાબર ડેરીની વાતમાં ભૂરાભાઈ પટેલની યાદ આવે જ. તેમણે વર્ષો પહેલાં શરૂઆત કરી હતી અને તેમણે લાખો પશુપાલકોનું જીવન સુધાર્યું હતું. સાબરકાંઠામાં કંઈ જ નવું જોવા નહી મળે કારણ કે ભાગ્યે જ એવો કોઈ ભાગ હશે જ્યાં ગયો નહી હોવ.

આજે પણ એ અવાજ કાનમાં ગૂંજે છે. આજથી બે દાયકા પહેલાં અહીં શું સ્થિતિ હતી એ તમને મને બંનેને ખબર છે. કૃષિ ક્ષેત્રે ગુજરાતે બદલાવ કર્યો છે, અર્થ વ્યવસ્થાને ડેરીએ મજબૂત કરી. પશુપાલક બહેનો સાથે વાત કરતાં કહ્યું કે વધારો મળે એટલે બહેનો સોનું ખરીદે. ગુજરાતનું ડેરી માર્કેટ ૧ કરોડને પાર પહોંચ્યું છે. મને ખુશી છે કે દૂધ સમિતિઓમાં મહિલાઓને સ્થાન મળ્યું છે. કેટલીક જગ્યાએ મહિલાઓ જ બધુ કામ સંભાળે છે. મેં એ વખતે નિયમ કર્યો કે દૂધના રૂપિયા ભાઈઓને નહી પણ મહિલાઓને મળવા જોઈએ. જેનાથી મહિલાઓની તાકાત વધી. સહકાર છે એટલે જ સમૃદ્ધિ છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ગ્રામીણ અર્થતંત્રના વિકાસમાં ડેરી ક્ષેત્રનો મોટો ફાળો રહ્યો છે અને સાબર ડેરીમાં ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સના લોકાર્પણ દ્વારા સરકાર ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને ટેકો આપવા અને ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા માટે મદદ કરી શકશે. તેઓ ગુજરાતમાં સાબર ડેરી ખાતે વિવિધ વિકાસલક્ષી પહેલોના ઉદઘાટન બાદ સંબોધન કરી રહ્યા હતા.પ્રધાનમંત્રીએ કહ્યું કે, સરકારે ખેડૂતોની આવક વધારવા માટે સમર્પિત રીતે કામ કર્યું છે. કૃષિથી પશુપાલન સુધી, અમે નાનામાં નાના ખેડૂતોની આવકમાં પણ નોંધપાત્ર વધારો જોયો છે.અમારી સરકારે છેલ્લા બે વર્ષમાં વિશેષ અભિયાન ચલાવીને ૩ કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ પણ આપ્યા છે. તેમણે કહ્યું કે ખેડૂતોને મદદ કરવા અને કૃષિને પ્રોત્સાહન આપવાના પ્રયાસમાં, સરકારે છેલ્લા ૨ વર્ષમાં એક વિશેષ અભિયાન ચલાવીને ૩ કરોડથી વધુ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ પણ આપ્યા છે.કેન્દ્ર સરકાર દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક વાનની પહેલ વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, "પ્લાસ્ટિક આપણા પશુઓ માટે દુશ્મન બની ગયું છે. અગાઉ પ્રાણીઓના પેટમાંથી ૧૫-૨૦ કિલો પ્લાસ્ટિક નીકળતું હતું, જ્યારે તેઓ મૃત્યુ પામતા હતા. આ એક કારણ છે કે અમે ભારતમાંથી પ્લાસ્ટિકના ઉપયોગને નાબૂદ કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. તેમણે જણાવ્યું હતું કે, રેલવે લાઈન પહોળી કરવાની વાત હોય કે હાઈવેનો વિકાસ હોય, સરકારે સાબરકાંઠામાં કનેક્ટિવિટી માટે અસાધારણ માળખું ઊભું કર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સરકાર આદિવાસીઓની સંસ્કૃતિ અને યોગદાનને મોખરે લાવવા અને આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની ઉજવણી કરવા પર કામ કરી રહી છે. પીએમ મોદીએ કહ્યું કે સરકારે ૧૫ નવેમ્બર, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાનો પણ નિર્ણય કર્યો છે.

કેમિકલકાંડ : ૬ પોલીસકર્મી સસ્પેન્ડ, ૨ની બદલી

અમદાવાદ,

બોટાદ જિલ્લાના બરવાળામાં થયેલા કેમિકલ કાંડમાં ૪૩ જેટલા લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. જેમાં મોતનો આંકડો હજી વધુ શકે તેવી શક્યતા છે. જેને પગલે તંત્ર અને સરકાર હરકતમાં આવી ગઈ છે. બુધવારે ગૃહમંત્રીએ પત્રકાર પરિષદ યોજી સમગ્ર ઘટનાની વિગતવાર માહિતી આપી હતી. ત્યારે તાજેતરમાં મળતી માહિતી અનુસાર આ ઘટનાના પગલે ગૃહમંત્રાલય દ્વારા ૬ પોલીસકર્મીને સસ્પેંડ કરવામાં આવ્યા છે.

સસ્પેંડ કરવામાં આવેલા કર્મચારીઓમાં પી.એસ.આઈ. ભગીરથસિંહ ગંભીરસિંહ વાળા, પી.એસ.આઈ. શૈલેન્દ્રસિંહ દિલુભા રાણા, પોલીસ કર્મી સુરેશકુમાર ભગવાનભાઈ ચૌધરી, પીઆઈ કે.પી. જાડેજા, એસ. કે. ત્રિવેદી (એસડીપીઓ બોટાદ), એનવી પટેલ (એસડીપીઓ ધોળકા)ને સસ્પેંડ કરવામાં આવ્યા છે. જ્યારે બોટાદ એસપી કરણરાજ વાઘેલા અને અમદાવાદ ગ્રામ્ય એસપી વિરેન્દ્રસિંહ યાદવની બદલી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઘટનામાં જે પણ આરોપીઓની સંડોવણી ખૂલી છે તેમનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવશે. એટલું જ નહીં, સ્પેશીયલ PP ની નિમંણૂક કરી છે. આ ઘટનામાં ૧૫ ગુનેગારોને ૨ દિવસમાં પકડી લીધા છે. આ ઘટનામાં ગુજરાતના વોંટેડ બુટલેગરને ઝડપી લેવામાં આવ્યો છે. જેનું નામ પીન્ટું છે. પીન્ટુ ને પણ SMC એ ઝડપી લીધો છે. સરપંચના પત્ર બાદ પોલીસે ૬ વાર રેડ કરી છે. છેલ્લા ૨૦ દિવસથી દેશી દારૂના અડ્ડા પોલીસે બંધ કરાવ્યા હતા, એવું સ્થાનિકોએ મિડીયાને પણ જણાવ્યું છે.

બરવાળા કેમિકલ કાંડમાં બુધવારે મુખ્ય બંને આરોપીના ૬ દિવસના રિમાન્ડ બરવાળા કોર્ટે મંજુર કર્યા હતા. આજે ગજુબેન પ્રવીણભાઈ વડોદરિયા અને પિન્ટુ રસિકભાઈ ગોરહવાને બરવાળા કોર્ટમાં રજૂ કરાયા હતા. બીજી બાજુ પોલીસે કોર્ટમાં ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. પરંતુ કોર્ટે આરોપીઓના ૬ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

વિરોધ કરી રહેલા સાંસદોએ આખી રાત સંસદ સંકુલમાં ખુલ્લા આકાશ નીચે વિતાવી

નવીદિલ્હી,

ચોમાસુ સત્રમાં હંગામાને લઈને એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરાયેલા સાંસદોએ બુધવારે ૫૦ કલાકનો વિરોધ કર્યો હતો સસ્પેન્ડ કરાયેલા સાંસદો રાજયસભાના અધ્યક્ષ દ્વારા સસ્પેન્શનનો વિરોધ કરી રહ્યા હતાં સાંસદોની કામગીરી માટે રોસ્ટર તૈયાર કરવામાં આવ્યું હતું આ અંતર્ગત સાંસદો વારાફરતી ધરણા કરી રહ્યા છે. વિરોધ કરી રહેલા સાંસદોએ બુધવારની રાત



સંસદ સંકુલમાં ખુલ્લા આકાશ નીચે વિતાવી હતી. સોમવાર અને મંગળવારે ગૃહમાં હંગામાને લઈને ૨૦ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા સાંસદોમાં ટીએમસીના ૭, ડીએમકેના ૬, તેલંગાણા રાષ્ટ્ર સમિતિના ત્રણ, સીપીઆઈ(એમ)ના બે અને આમ આદમી પાર્ટી અને સીપીએમના એક-એક સાંસદનો સમાવેશ થાય છે. આ સાથે લોકસભામાંથી સસ્પેન્ડ કરાયેલા ચાર કોંગ્રેસી સાંસદો પણ આ ધરણામાં જોડાયા છે. વિરોધ કરી રહેલા સાંસદોએ ટેન્ટની માંગણી કરી હતી. પરંતુ પ્રશાસને આ વાતનો ઇનકાર કર્યો હતો. વહીવટીતંત્રનું કહેવું છે કે સંસદ સંકુલમાં આવા બાંધકામને મંજૂરી આપી શકાય નહીં. જો કે વિરોધ કરી રહેલા સાંસદોને બાથરૂમ અને સાર્વજનિક પુસ્તકાલયનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી છે. તે જ સમયે, ટીએમસીના સાંસદ ડેરેક ઓ'બ્રાયને ખુલ્લામાં સૂવાની તૈયારી કરી રહેલા સાથી સાંસદોનો ફોટો શેર કરતા લખ્યું, સંસદીય કાર્ય મંત્રી આવ્યા હતા, સાંસદોને ધરણાં ખતમ કરવા અને ઘરે જવા કહ્યું અને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. તેમણે વિપક્ષી સાંસદોને ઘરે જઈને સવારે ફરી આવવા કહ્યું. ડેરેક ઓ'બ્રાયને લખ્યું, મંત્રી, અમે ઠીક છીએ. તમે ઘરે સારી રીતે સૂઈ જાઓ.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશ પણ સાંસદોના વિરોધ સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે તેમની પાર્ટી પણ તેમાં ભાગ લઈ રહી છે. તેમણે ટ્વીટ કર્યું, કોંગ્રેસ, ડીએમકે,ટીએમસી,સીપીએમ અને આપ સાંસદો ૫૦ કલાકના ધરણા આપી રહ્યા છે. આ સાંસદો મોંઘવારી, જીએસટી પર ચર્ચાની માંગ પર તેમના સસ્પેન્શન માટે વિરોધ કરી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, બુધવારે સાંસદોએ નાસ્તામાં ઈડલી સાંબર લીધા હતા, જેની વ્યવસ્થા ડીએમકે સાંસદ તિરુચિ સિવા દ્વારા કરવામાં આવી હતી. એટલું જ નહીં બપોરના ભોજનની વ્યવસ્થા પણ ડીએમકે દ્વારા કરવામાં આવી હતી. રાત્રિભોજન માટે ટીએમસી દ્વારા દાળ, રોટલી, પનીર, ચિકન તંદૂરીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ડીએમકે સાંસદ કનિમોઝી, જેમણે રોસ્ટરનું આયોજન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, તેમના 'ગજર કા હલવા' સાથે વિરોધ સ્થળ પર પહોંચ્યા, જ્યારે ટીએમસીએ ફળો અને સેન્ડવીચની વ્યવસ્થા કરી. ડીએમકે ગુરુવારે સવારે નાસ્તાની વ્યવસ્થા કરી હતી તે જ સમયે, લંચની વ્યવસ્થા કરવાની જવાબદારી ટીઆરએસની હતી અને રાત્રિભોજનની વ્યવસ્થા કરવાની જવાબદારી 'આપ'એ લીધી હતી.

રાજ્યમાં 'દારૂબંધી'નો કડક અમલ, હજારો લીટર દેશી-વિલાયતી દારૂ કબ્જે, ૧૬૨૧ બુટલેગરો પકડ્યા

અમદાવાદ,

ઘોડા છૂટયા બાદ તબેલાને તાળાં મારવા નીકળેલી સરકારે બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડ બાદ રાજયમાં દારૂબંધીના કડક અમલીકરણ માટે સૂચના આપી છે. અને રાજ્યની પોલીસ પણ દારૂના બુટલેગરોને ઝડપી પાડવા માટે સજ્જ બની છે. રાતોરાત હજારો લિટર દારૂ અને મોટી સંખ્યામાં બુટલેગરોને ઝડપી પાડ્યા છે. જેને લઈ દારૂનો ધંધો કરનારા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે અને દારૂ પીનારા લોકો આમતેમ ફાંફા મારતા થઈ ગયા છે.

સરકારે દારૂબંધીનો અમલ કરાવવા સૂચના આપતાં જ રાજયભરની પોલીસ ગણતરીના કલાકમાં જ એકશનમાં આવી હતી અને દારૂના અડ્ડાઓ પર દરોડા પાડવાનું શરું કર્યું હતું. છેલ્લા ત્રણ દિવસના સમયગાળામાંજ પોલીસે લગભગ ૨૭૭૧ કરતાં વધુ જગ્યાઓ ઉપર રેડ કરી, ૨૩૫૫ થી વધુ લોકો સામે ગુના નોંધી ૧૬૨૧ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે રૂ. ૬૩.૭૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવાની સાથે સાથે ૩૩૪૭૫ લિટર દેશી – વિદેશી દારૂ પકડી પાડ્યો હતો. ત્રણ દિવસમાં રાજ્યના લગભગ તમામ જિલ્લામાં ૨૭૭૧ જેટલા સ્થળે દરોડા પાડી ૩૩૪૭૫ લિટર જેટલો દેશી–વિદેશી દારૂ જપ્ત કર્યો છે.

સરકારે આદેશ કરતાજ પોલીસે દારૂબંધી નો અમલ કરાવવાનું શરૂ કરી દીધું હતું અને દેશી દારૂ અને ઈંગ્લીશ દારૂના ધંધા બંધ કરાવ્યા હતા. આમ, ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો અમલ કરાવતા બુટલેગરો અને દારૂ પીવાવાળા વર્ગમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઉલેખનીય છે કે, બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૫૫ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે તો ૮૦ વધુ લોકો હોસ્પીટલમાં સારવાર હેઠળ છે.

ચિરિપાલ ગ્રુપ પાસેથી ૮૦૦ કરોડના બેનામી વ્યવહાર મળી આવ્યા, ૨૫ કરોડ રોકડા, ૨૦ લોકર સીઝ

અમદાવાદ,

આયકર વિભાગે ચિરિરાલ ગ્રુપના ૪૫થી વધુ સ્થળો પર એક અઠવાડિયા પહેલા દરોડા પાડ્યા હતા, આ રેડ પાડવા ૧૫૦થી વધુ કર્મચારીઓ સામેલ થયા હતા, આ દરોડામાં ૮૦૦ કરોડના બેનામી વ્યવહાર મળી આવ્યા છે. સર્ચ દરમિયા અત્યાર સુધી ૨૫ કરોડ રોકડા તેમજ ૧૫ કરોડની જ્વલેરી મળી આવ્યા છે. આ સિવાય ૨૦ બેંક લોકર પણ મળ્યા છે. સાથે સાથે મોટાપ્રમાણમાં ડિજિટલ ડેટા મળ્યો છે.

ઉલ્લેખનીય છે કે એક દિવસ ચાલેલી તપાસ દરમિયાન અધિકારીઓએ ફેકટરી, બંગ્લોઝ, ઓફિસ અને કર્મચારીઓના કેટલાંક ઠેકાણે પણ તપાસ કરી હતી. જેમાં અનેક પ્રકારના ડોક્યુમેન્ટ, માલનો સ્ટોક વગેરે મળી આવ્યા હતા જેનું સતત એક અઠવાડિયા સુધી સ્કેનિંગ ચાલ્યું હતું. ઓફિસના કમ્પ્યૂટર, લેપટોપ વગેરે પણ સ્કેન કરાયા હતા. જેના આધારે અધિકારીઓએ રૂપિયા ૮૦૦ કરોડના બિનહિસાબી વ્યવહારો શોધી કાઢયા હતા.ગ્રુપના રીઅલ એસ્ટેટના રોકાણો પણ બિનહિસાબી મળી હતા.આમાં રોકોણ કોનાના નામથી કરવામાં આવ્યા છે, અને તોંની તપાસ હાથ ધરવામાં આવી છે.૨૦ લોકર સિઝ કરાયા હતા જે હવે ૨-૩ દિવસમાં ઓપરેટ કરાશે. અત્યાર સુધી રોકડ અૂને જ્વેલરી મળી કુલ ૪૦ કરોડની મત્તા સીઝ કરાઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૦૫૫૭ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,

દેશમાં કોરોના વાયરસનો આંકડો અટકવાનું નામ નથી લઈ રહ્યો. દરરોજ આંકડો ૧૫-૧૬ હજારથી વધુ નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૦ હજાર ૫૫૭ નવા કેસ નોંધાયા છે. આ સમયગાળા દરમિયાન કોરોનાના કારણે ૪૪ લોકોના મોત થયા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા બાદ હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૧ લાખ ૪૬ હજાર ૩૨૩ થઈ ગઈ છે.

જો આપણે દેશમાં કોરોનાના કુલ આંકડાઓ પર નજર કરીએ, તો હવે આ સંખ્યા વધીને ૪ કરોડ ૩૯ લાખ ૫૯ હજાર ૩૨૧ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે કુલ મૃત્યુઆંક ૫ લાખ ૨૬ હજાર ૨૧૧ થઈ ગયો છે. પાછલા દિવસના આંકડા સાથે સરખામણી કરીએ તો આજનો આંકડો ગઈકાલના આંકડા કરતાં વધુ છે. આગલા દિવસે દેશમાં ૧૮૩૧૩ કેસ નોંધાયા હતા. આ દરમિયાન ૫૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

છેલ્લા ૮ વર્ષમાં નોકરી માટે ૨૨ કરોડ આવેદન, પરંતુ માત્ર ૭.૨૨ લાખને રોજગાર : સરકારનો જવાબ

નવીદિલ્હી,

સરકારી નોકરી શોધી રહેલા લોકો માટે છેલ્લા ૮ વર્ષ ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. સરકારી નોકરીઓ માટે અરજી કરનારા લોકોમાંથી ૧ ટકાથી ઓછા લોકોને નોકરી મળી છે. વર્ષ ૨૦૧૪-૧૫થી વર્ષ ૨૦૨૧-૨૨ની વચ્ચે કુલ ૨૨.૦૫ કરોડ લોકોએ સરકારી નોકરીઓ માટે અરજી કરી હતી. આ લોકોએ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં નોકરી માટે અરજી કરી હતી.

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે લોકસભામાં આ આંકડા શેર કર્યા. તેમણે કહ્યુ કે ૨૦૧૯-૨૦માં ૧.૪૭ લાખ લોકોને રોજગારી મળી છે. વર્ષ ૨૦૧૯ની વાત કરીએ તો એ જ વર્ષે દેશમાં લોકસભાની ચૂંટણી યોજાઈ હતી. તે જ વર્ષે કોરોના મહામારીની શરૂઆત થઈ હતી. ડેટામાં ખુલાસો થયો છે કે છેલ્લા ૮ વર્ષમાં કુલ ૨૨૦૫૯૯૨૩૮ લોકોએ નોકરી માટે અરજી કરી હતી જેમાંથી ૭૨૨૩૧૧ લોકોની પસંદગી કરવામાં આવી હતી. જે કુલ અરજીની સરખામણીમાં માત્ર ૦.૩૩ ટકા છે.

સરકાર દ્વારા આ વર્ષે ૧૦ લાખ લોકોની ભરતી કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી મિશન મોડ પર કરવામાં આવશે. ખુદ વડાપ્રધાન કાર્યાલયે વિવિધ વિભાગો અને મંત્રાલયોમાં ખાલી જગ્યાઓ પર ચર્ચા કર્યા બાદ આ સૂચના આપી છે. સંસદમાં શેર કરવામાં આવેલા ડેટા અનુસાર, કુલ ૨૨.૦૫ કરોડ અરજીઓમાંથી સૌથી વધુ ૫.૦૯ કરોડ અરજીઓ ૨૦૧૮-૧૯માં આવી હતી, જ્યારે સૌથી ઓછી ૧.૮૦ કરોડ લોકોએ ૨૦૨૦-૨૧માં અરજી કરી હતી.

ડેટાનુ વિશ્લેષણ કરતા સામે આવ્યુ છે કે દર વર્ષે સરેરાશ ૨.૭૫ કરોડ લોકો અરજી કરે છે. જ્યારે દર વર્ષે સરેરાશ માત્ર ૯૦૨૮૮ લોકોને રોજગાર મળે છે. છેલ્લા ૮ વર્ષમાં મળેલી કુલ અરજીઓમાંથી માત્ર .૦૭ ટકાથી ૦.૮૦ ટકા લોકોની પસંદગી થાય છે. તમને જણાવી દઈએ કે કેન્દ્ર દ્વારા મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા, સ્માર્ટ સિટી મિશન, અટલ મિશન, પીએમઈજીપી, મનરેગા, પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ યોજના, દીન દયાલ અંત્યોદય યોજના સહિત રોજગાર માટે ઘણા અભિયાનો શરૂ કરવામાં આવ્યા છે.

અર્પિતા મુખરજીના બેલઘરિયા સ્થિત એક ફ્લેટમાંથી ઈડીને લગભગ ૨૯ કરોડ કેશ અને ૫ કિલો સોનું મળી આવ્યું

કોલકતા,

ઈડીએ શિક્ષક ભરતી કૌભાંડમાં કોલકાતાની આજુબાજુ ત્રણ ઠેકાણે દરોડા પાડ્યા. આ દરમિયાન અર્પિતા મુખરજીના બેલઘરિયા સ્થિત એક ફ્લેટમાંથી ઈડીને લગભગ ૨૯ કરોડ (૨૮.૯૦) કેશ અને ૫ કિલો સોનું મળી આવ્યું. ઈડીની ટીમને આ પૈસા ગણતા લગભગ ૧૦ કલાક જેટલો સમય લાગ્યો. ચોંકાવનારી વાત એ છે કે આ બધા પૈસા અર્પિતાએ ફ્લેટના ટોઈલેટમાં રાખ્યા હતા.

ઈડીના સૂત્રોના જણાવ્યા મુજબ જેલમાં અર્પિતા મુખર્જીની રાત મુશ્કેલથી પસાર થઈ રહી છે. એકબાજુ પાર્થ ચેટર્જી ઊંઘની ગોળીઓથી કામ ચલાવે છે ત્યાં અર્પિતા મોટાભાગે જેલમાં રડી રડીને સમય પસાર કરી રહી છે. આ બધા વચ્ચે બંનેની લાઈફસ્ટાઈલ અંગે પણ મોટી વાત સામે આવી છે. અર્પિતા સરખું જમતી પણ નથી. ખુબ તણાવમાં જોવા મળી રહી છે.

ઈડીને અર્પિતાના ફ્લેટમાંથી ૨૧ કરોડ રૂપિયા કેશ અને ખુબ જ કિંમતી સામાન મળી આવ્યો હતો. ઈડીએ અર્પિતાની ૨૩ જુલાઈએ ધરપકડ કરી હતી. ઈડીની આ કાર્યવાહી

બાદ વિપક્ષી પાર્ટીઓ ટીએમસી પર પાર્થ ચેટર્જીને કેબિનેટમાંથી બહાર કાઢવાની માંગણી કરી રહી છે. બીજી બાજુ આ કૌભાંડમાં મની ટ્રેલની તપાસ કરી રહેલી ઈડીએ પશ્ચિમ બંગાળ માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ ટીએમસી ધારાસભ્ય માણિક ભટ્ટાચાર્યની પણ પૂછપરછ કરી.

ઈડીએ-સવારે દક્ષિણ કોલકાતાના રાજડાંગા અને બેલઘરિયામાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા. આ પ્રોપર્ટીઓ કથિત રીતે અર્પિતા મુખર્જીની છે. ઈડીની પૂછપરછમાં અર્પિતા મુખર્જીએ આ સંપત્તિઓનો ખુલાસો કર્યો હતો. ઈડીએ આ ફ્લેટમાં ઘૂસવા માટે દરવાજો તોડવો પડ્યો હતો. કારણ કે તપાસ એજન્સીઓને ચાવી જ ન મળી. ફ્લેટમાંથી એટલી કેશ મળી કે ગણવા માટે મશીન લાવવા પડ્યા હતા. મહત્વના દસ્તાવેજો પણ મળી આવ્યા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બી. આર. વાગડીયા
તરફથી અભીનંદન....
મુ. સરસવા ઉ.,
તા. કડાણા,
જી. મહીસાગર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શેખ કે. એમ.
તરફથી અભીનંદન....
મુ. ધમાણીયા,
તા. લુણાવાડા,
જી. મહીસાગર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એમ. આર. ડામોર
તરફથી અભીનંદન....
મુ. કુરેટા,
તા. લુણાવાડા,
જી. મહીસાગર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લામાં 'હર ઘર તિરંગા' કાર્યક્રમને રાષ્ટ્ર પ્રેમનું જન આંદોલન બનાવવા નાગરિકોને જિલ્લા કલેકટરનો અનુરોધ

લુણાવાડા,
સમગ્ર દેશમાં આઝાદીના ૭૫મા વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આગામી તા. ૧૩ થી ૧૫મી ઓગસ્ટ દરમિયાન સમગ્ર દેશમાં હર ઘર ત્રિરંગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાં પણ હર ઘર ત્રિરંગા કાર્યક્રમના માધ્યમથી દેશનું ગૌરવ-દેશનું અભિમાન-ત્રિરંગો હર ઘરની શાન બને તે માટે જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ જિલ્લાના નાગરિકોને પોતાના ઘર-મકાનો પર તા.૧૩ થી ૧૫ દરમિયાન રાષ્ટ્રધ્વજને લહેરાવીને રાષ્ટ્ર ભાવનાને વધુ પ્રબળ બનાવવાની અપીલ કરી છે.

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

જિલ્લામાં આગામી તા.૧૩ થી તા.૧૫ ઓગસ્ટ-૨૦૨૨ દરમિયાન આઝાદીના અમૃત્ત મહોત્સવ અંતર્ગત યોજાઇ રહેલા હર ઘર તિરંગા કાર્યક્રમ દરમિયાન નાગરિકોને રાષ્ટ્ર ભક્તિના આંદોલનમાં સહભાગી થવા અને દેશ પ્રત્યેના પ્રેમ અને ભાવને વ્યક્ત કરવાના હેતુથી રાષ્ટ્રભક્તિના યજ્ઞમાં આહૂતિ આપવા દરેક વ્યક્તિ પોતાના ઘર પર, સંસ્થાઓ પર, વ્યાવસાયિક પ્રતિષ્ઠાનો, કચેરીઓ પર તિરંગો લહેરાવવા જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના તમામ ઘરો સહિત, દુકાનો, ઉદ્યોગ, વેપારીઓ, વાણિજ્યિક સંસ્થાઓ, સરકારી અને અર્ધસરકારી કચેરીઓ, ખાનગી કચેરીઓ, આંગણવાડી, શાળાઓ, કોલેજો, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ સહિત તમામ જગ્યાએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને નાગરિકોમાં અને ખાસ કરીને આજની યુવા પેઢી રાષ્ટ્રની આઝાદીની ચળવળથી વાકેફ થાય અને તેમનામાં વધુ દેશદાઝની ભાવના વધુ પ્રબળ બને તે માટેના કાર્યમાં સહયોગી બનવા પણ જિલ્લા કલેકટર ડો. મનિષકુમારએ અનુરોધ કર્યો છે.

કલેકટરએ વધુમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન હર ઘર તિરંગા કાર્યક્રમ દરમિયાન જિલ્લાનું એકપણ મકાન તિરંગો લહેરાવ્યા વગર ન રહે તે જોવાનું આહવાન કરી જિલ્લાના નાગરિકોને આ કાર્યક્રમમાં રાષ્ટ્રભક્તિના રંગે રંગાઇ જવાની સાથે આ કાર્યક્રમને રાષ્ટ્ર ભાવનાનું જનઆંદોલન બનાવવા જણાવ્યું છે.

જિલ્લા કલેકટરએ આ કાર્યક્રમના આયોજન માટે રાષ્ટ્રધ્વજ નાગરિકોને સરળતાથી મળી રહે તે માટે વેચાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી હોવાનું તેમજ નાગરિકો આ રાષ્ટ્રધ્વજને તા.૧૫મી ઓગસ્ટની સાંજ સુધી લહેરાવી શકશે તેમ જણાવી રાષ્ટ્રધ્વજ લહેરાવવા માટે રાષ્ટ્રધ્વજ સંહિતાનું પાલન કરવાની પણ અપીલ કરી છે.

સંતરામપુર મેન બજારમાં જર્જરીત મકાન ઉતારવાની ધીમી કામગીરીને લઇ વાહન ચાલકો પરેશાન થયા

સંતરામપુર,
સંતરામપુર મેન બજાર વિસ્તારમાં વરસાદના કારણે ૫૦ વર્ષ જૂનું મકાન ધસાયું હતું. મકાન માલિકને પાલિકાએ નોટિસ આપી હતી. મકાન માલિક દ્વારા મકાન ઉતારવા માટેની છેલ્લા ત્રણ દિવસથી ધીમી ગતિએ કામગીરી હાથ ધરાવતા મેન બજારનો આખો દિવસ રસ્તો બંધ રહેતા વાહન ચાલકો અટવાયા અને મુશ્કેલીમાં મુકાયા. આજ મેઇન રસ્તા પર પસાર થવા માટે એક જ રસ્તો હોય છે. પ્રતાપુરામાંથી આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી ઓફિસમાં જવા માટે પોલીસ સ્ટેશન મામલતદાર કચેરી તાલુકા પંચાયત તમામ સરકારી કચેરીમાં જવા માટે

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આજ એક જ રસ્તો હતો. જેના કારણે તમામ વાહન ચાલકોને બસ સ્ટેન્ડ વિસ્તાર અથવા બ્રાહ્મણવાડા વિસ્તાર ફરીને જવું પડતું હોય છે. આના કારણે કેટલાક વાહનો ઉભા થઈ જવાના કારણે ટ્રાફિક સમસ્યા પણ સર્જાઇ હતી. આ કામગીરી વહેલી તકે પૂર્ણ થાય અને રસ્તો જલ્દી ખુલતું કરાય વાહન ચાલકોમાં માંગણી ઉભી થઇ છે.

કાંકણપુરની એન.એ.પટેલ સાયન્સ કોલેજ ખાતે કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાયો

કાંકણપુર,
તાજેતરમાં સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એન.એ. પટેલ સાયન્સ કોલેજ કાંકણપુર ખાતે કેરિયર ગાઈડન્સ સેમિનારનું આયોજન થયું. જેમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે વર્લ્ડ ઈનબોક્સ એકેડેમી ગોધરાના ડાયરેક્ટર રવિ.એમ. પટેલ અને અરવિંદભાઈ અહીં ઉપસ્થિત થયા હતા. જ્યારે વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન પછી અને પોસ્ટ ગ્રેજ્યુએશન પછી કેવી રીતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવી તેની સહવિસ્તારથી માહિતી આપી અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. આ પ્રોગ્રામમાં કોલેજના આચાર્ય અને આયોજક પ્રધ્યાપક કશ્યપ મહેતા, પ્રોગ્રામના કોર્ડિનેટર અરૂણાબેન બારીઆ, ફિઝિકસ વિભાગ માંથી પ્રધ્યાપક ધવલકુમાર

ખાંટ, કેમેસ્ટ્રી વિભાગ માંથી પ્રાધ્યાપક તરૂણ પરાગી, પ્રાધ્યાપક સાક્ષી ઠાકોર,અલ્પિતા પટેલ, સોલંકી પરેશ અને લાયબ્રેરી વિભાગ રેખાબેન રાઠવા તથા એના વગર શક્ય નથી તેવા વિદ્યાર્થીઓ અને તમામ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને અમે દર વર્ષે આ પ્રોગ્રામ કરીએ છીએ અને આજે આ પ્રોગ્રામ શરૂઆતનાં પહેલાં દિવસે જ કરવામાં આવ્યો છે. જે પ્રમાણે આજે પ્રથમ વર્ષ એમ.એસ સી અને બી.એસ.સીના વિદ્યાર્થીઓનો પહેલો દિવસ હતો. તે વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને પહેલા દિવસે એમને સારામાં સારૂં માર્ગદર્શન મળે પોતાના કેરિયરને લાગતું એનું આયોજન કરી તેમને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર અરૂણા બરિયા કર્યું હતું. આભાર પ્રોફેસર ધવાલકુમાર ખાંટે કરી હતી અને કોલેજના ટ્રસ્ટીએ વિદ્યાર્થીઓ અને સ્ટાફને કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કરી અભિનંદન પાઠવી ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આ ક્ષેત્રે આગળ વધવા માંગતા જિજ્ઞાસુ વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ વિસ્તારમાં આ સાયન્સ કોલેજ આવા કાર્યક્રમ કરીને વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને માર્ગદર્શન અને બળ પૂરૂં પાડવાનું કામ કરે છે. જે ખૂબ પ્રસંશનીય કામગીરી ગણાવી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીએ પણ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

ઘોઘંબા તાલુકા મથકે આવેલી સરકારી વિજ્ઞાન પ્રવાહની હાઈસ્કૂલમાં વિષય શિક્ષકોની ઘટ

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકા મથકે આવેલી સરકારી વિજ્ઞાન પ્રવાહની હાઈસ્કૂલમાં હાલમાં વિષય શિક્ષકોની ઘટ છે. ત્યાં સરકારની યોજના મુજબ પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવેલ છે. હાલમાં શિક્ષણના નવા પ્રવાહ મુજબ વિજ્ઞાન પ્રવાહ એ ખૂબ જ અગત્યનો અને વિદ્યાર્થીઓ માટે કઠિન પણ ગણાય છે. ત્યારે તેઓને ભણવા માટે હાલના સમયમાં યોગ્ય લાયકાત ધરાવતા મહત્વના વિષયો જેવા કે કેમેસ્ટ્રી, ફિઝિકસ અને બાયોલોજીના સ્પેશિયલ વિષય શિક્ષકો મૂકવામાં આવે તેવી વિદ્યાર્થીઓની વાલીઓની માંગ ઉઠી છે.

હાલમાં આ વિજ્ઞાન પ્રવાહની શાળામાં પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, પરંતુ કાયમી ધોરણે શિક્ષકોની ભરતી કરવામાં આવે તો વિદ્યાર્થીઓને વિષયો મુજબ પડતી સમસ્યાઓ જલ્દીથી હલ થઈ શકે તેમ છે. જેથી કરીને આ વિજ્ઞાન પ્રવાહની શાળામાં પ્રત્યેક વિષય દીઠ કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે તેની રાહ જોવાઈ રહી છે. અન્યથા વિદ્યાર્થીઓ તથા વાલીઓ દ્વારા શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓને યોગ્ય રજૂઆત કરવામાં આવશે.

ગોધરા લુણાવાડા હાઈવે છબનપુર ગામે વાહન ચાલકે CCTVના ગેન્ટ્રીપોલને ટકકર મારી ૯૭,૮૫૨/- નું નુકશાન કરતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા લુણાવાડા હાઇવે પર આવેલા છબનપુર ગામે ખોડિયાર માતાજીના મંદિર પાસે એક અજાણ્યા વાહનના ચાલક દ્વારા તેના કબજાનાં વાહનને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સરકારી સી.સી.ટી.વી. કેમેરાનાં ગેંન્ટ્રીપોલને ટકકર મારી રૂ.૯૭,૮૫૨ નું નુકસાન પહોંચાડી પોતાનું વાહન લઈ નાસી ગયો હતો. ત્યારે આ મામલે ગોધરા શહેર એ ડિવિજન પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

પંચમહાલ ગોધરાના નેત્રમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરના પી.એસ.આઇ. નીતાબેન દ્વારા ગોધરા શહેર એ ડિવિજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પંચમહાલ જિલ્લાના ગોધરા લુણાવાડા હાઇવે રોડ પર આવેલા છબનપુર ગામ પાસે ખોડિયાર માતાજીનાં મંદિર પાસે એક અજાણ્યા વાહનનાં ચાલક દ્વારા શહેરમાં અવર જવર કરતા વાહનો તેમજ લોકો પર નજર રાખવા માટે સરકાર દ્વારા સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા છે. જેમાં વાહન નાં ચાલક દ્વારા ૨૨.૭ નાં રોજ સી.સી.ટી.વી. કેમેરાના ગેંન્ટ્રીપોલ ને ટકકર મારી રૂ.૯૭,૮૫૨ નું નુકશાન પહોંચાડી વાહન લઈ નાસી ગયો હતો. ત્યારે ઉપરોક્ત વાહન ચાલકને ઝડપી પાડવા માટે પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ત્યારે એક અઠવાડિયા પહેલા ગોધરા વડોદરા હાઇવે રોડ પર આવેલા કોઠી ત્રણ રસ્તા પાસેના સરકારી સીસીટીવી કેમેરાનાં ગેંન્ટ્રીપોલને એક ટ્રક ચાલક દ્વારા નુકશાન પહોંચાડવામાં આવ્યું હતું.

સંતરામપુરમાં રાષ્ટ્રપતિ માટે અશોભનિય શબ્દ પ્રયોગને લઈ બીજેપી દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર મુકામે મહામહીમ રાષ્ટ્રપતી દ્રોપદી મુર્મુજીનું અશોભનીય શબ્દ પ્રયોગ વાપરી જાણી જોઈને ઈરાદા સર રાષ્ટ્રપતીને બદલે ''રાષ્ટ્ર પત્ન'' બોલીને દેશના પ્રથમ નાગરિક અને નારી શક્તિનું ઘોર અપમાન કરેલ છે. સાથે સાથે આદિવાસી સમાજનું પણ અપમાન કરેલ છે. જેના ઉપક્રમે સંતરામપુર નગરમાં વિરોધ પ્રદર્શન મંડલ સંગઠન દ્વારા રાખેલ જેમાં ઉપસ્થિત રહેવાનું થયું. આ બાબતને લઈ કોંગ્રેસના તમામ લોકોએ શરમાવું જોઈએ અને દેશની અને સમાજની જાહેરમાં માફી માગવી જોઇએ.

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવા હડફમાં અગ્નિપથ યોજનાની જાણકારી આપવામાં આવી

ગોધરા,
વિગતવાર માહિતી પ્રમાણે સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં આવેલી એવી અગ્નિપથ યોજના વિશે કોલેજના યુવાનોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સંદર્ભે સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવા હડફના યુવાનોને અગ્નિવીર બનવા માટેની વિગતવાર માહિતી આપવામાં આવી. કોલેજના આચાર્ય ડો.કે.જી.છાયાએ યુવાનોને દેશસેવામાં પોતાના જીવનનાં ચાર વર્ષ સમર્પિત કરવાની હાકલ સાથે અગ્નિપથ યોજનામાં જોડાવા માટેની લાયકાત, શારીરિક કસોટી અંગેની જાણકારી, પગારધોરણ, નોકરીમાં મળતા લાભો યોજના પુરી થયા પછી મળનારા ભવિષ્યના લાભો વગેરે વિશે વિગતવાર માહિતી આપીને ઉપસ્થિત યુવાનોને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં ગુજરાતી વિષયના વ્યાખ્યાતા સહાયક ડો રાજેશ વણકરે મોરવા હડફ તાલુકાના ડોળી ગામના કારગિલ શહીદવીર રૂમાલસિંહ રજાતસિંહ બારીયાની કુરબાનીને યાદ કરી હતી. દેશભક્તિનો માહોલ સર્જી આપ્યો હતો. કાર્યક્રમના અંતે આ યોજનામાં જોડવા માગતા યુવાનોની યાદી બનાવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ રીતે આદિવાસી વિસ્તારમાં યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તથા તેઓ દેશભક્તિ તરફ વળે એવો સરાહનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

હાલોલના કથોલા ગામે ટેમ્પો ચાલકે બાઈકને ટકકર મારતાં બે વ્યકિતના મોત એકને ઈજાઓ

હાલોલ,
હાલોલ તાલુકાના કથોલા ગામે ટેમ્પો ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી બાઇકને ટકકર મારી દેતાં બાઈક ઉપર સવાર ત્રણ વ્યકિત નીચે પડી જતાં ચાલક તથા પાછળ બેઠેલ વ્યકિતને ગંભીર ઈજાઓ થતાં સ્થળ ઉપર મોત નિપજાવી તેમજ ફરિયાદીને ઈજાઓ કરી ટેમ્પો ચાલક નાશી છુટીયો હતો.

પ્રાપ્ત વિગતો મુબ હાલોલ તાલુકાના કથોલા ગામે ટેમ્પો નંબર જીજે.૧૭.ટી.૪૧૮૮ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીને સામે થી આવતી બાઈક નંબર જીજે.૦૬.ડીઈ.૬૧૮૭ને ટકકર મારી હતી. બાઈકને ટકકર મારતાં બાઈક ઉપર સવાર ત્રણ વ્યકિત રોડ ઉપર પડી ગયા હતા. જેમાં ચાલક હિતેશભાઈ અંબાલાલ બારીયાના હાથ ઉપર ટાયર ચડાવી દેતાં હાથ કોણી માંથી છુટો થઈ ગયો હતો. તેમજ રાજુભાઈ નટુભાઈ બારીયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ કરતાં બન્ને વ્યકિતના મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે ફરિયાદી મિતેશ જશવંતભાઈ બારીયાને પગ અને હાથના ભાગે ઈજાઓ પહોંચાડી ટેમ્પો ચાલક નાશી છુટતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરા પાલિકાએ પ્રતિબંધીત સિંગલયુઝ પ્લાસ્ટીકનો ૨૮ કિલો જથ્થો ઝડપી ૭૫૦૦/-રૂપીયાનો દંડ કર્યો

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેચાણ સામે પાલિકાની ટીમ દ્વારા ચેકીંગ હાથધરી ૨૮ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડી રૂ.૭૫૦૦નો દંડ ફટકાર્યો હતો. પાલિકા દ્વારા અનેક વખત પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો પકડી પાડવા છતાં વેપારીઓમાં કોઈ ડર ના હોય તેમ ફરીથી ધંધો કરતા નજરે પડતા હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧લી જુલાઈથી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન, આયાત, નિકાસ અને વેચાણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ત્યારે આ અનુસંધાનમાં શહેરા નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાના સેનેટરી ઈન્સપેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ સહિતની ટીમ દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનું વેચાણ કરતા વેપારીઓ અને તેનો ઉપયોગ કરતા દુકાનદારોને ત્યાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં પાલિકાની ટીમ દ્વારા વેપારીઓને ત્યાંથી અંદાજીત ૨૮ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડી તેને કબ્જે કરવામાં આવ્યો હતો અને જેતે વેપારીને રૂ.૭૫૦૦નો દંડ ફટકાર્યો હતો. નોંધનીય છેકે, સિંગલ યુઝ પ્લાસ્ટિકના વેચાણ સામે કાર્યવાહી કરવામાં શહેરા નગરપાલિકા સૌથી આગળ હોવાનું જાણવા મળી રહ્યું છે. જેથી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વેપાર કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

કાલોલના વોર્ડ નં-૪/૫ અને ૬માં સાફસફાઈ માટે પાલિકાના ઓરમાયા વર્તનને લઈ ગંદકીનુ સામ્રાજ્ય

કાલોલ,
કાલોલ નગરપાલિકા દ્વારા ચોમાસામાં સફાઈના અભાવે નગરમાં ઠેર ઠેર ગંદકીનુ સામ્રાજ્ય ફેલાઈ રહ્યુ છે. કાલોલ નગરમાં વોર્ડ નં-૪/૫ અને ૬માં સ્લમ વિસ્તારો આવેલા છે. આ વિસ્તારોમાં સાફસફાઈ પ્રત્યે ઓરમાયુ વર્તન રાખવામાં આવતુ હોય તેમ લાગી રહ્યુ છે. ભાગ્યોદય સોસાયટી, શિવશક્તિ સોસાયટી, ચામુંડા સોસાયટી, વૃંદાવન સોસાયટી, પુરૂષોત્તમ સોસાયટી, સર્વોદય સોસાયટી, જલારામ સોસાયટી, મંગલમુર્તિ સોસાયટી પાસે એક પણ કન્ટેનર મુકવામાં આવ્યુ હતુ. જેને લઈને ગંદકી અને કચરાનુ સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. જ્યારે રોહિતવાસ અને બોરૂ ટર્નિંગની આજુબાજુ વિસ્તારોમાં પણ ગંદકી અને કચરાનુ સામ્રાજ્ય જોવા મળી રહ્યુ છે. જેને કારણે ડોર ટુ ડોર કલેકશન પાલિકાના કાગળ પર જોવા મળે છે તેમ લાગી રહ્યુ છે. વિસ્તારમાં ઠેર ઠેર ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ ખુબ જ વધી ગયો છે.જેને કારણે વિસ્તારના લોકો મચ્છરજન્ય રોગચાળાના ભરડામાં આવતા દવાખાનામાં સારવાર માટે ગયા હોવાનુ જાણવા મળી રહ્યુ છે. સફાઈ માટે વારંવાર પાલિકામાં રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા કામગીરી નહિ કરવામાં આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

કોઠંબાના ખંતના મુવાડા બસ સ્ટેશન થી ઘંટના મુવાડા ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારના ફળીયામાં બિસ્માર રસ્તાથી રહિશો પરેશાન

કોઠંબા,
લુણાવાડા તાલુકાના કોઠંબા પાસે આવેલ ખંતના મુવાડા બસ સ્ટેશન થી ઘંટના મુવાડા ગૃપ ગ્રામ પંચાયત થઈને વણકર ફળીયા અને ચુલી ફળીયા સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં ગ્રામજનો રસ્તાના અભાવે પરેશાન થઈ રહ્યા છે. તંત્ર આ રસ્તા માટે યોગ્ય ઘટીત કાર્યવાહી કરે તેવી પણ માંગ કરાઈ રહી છે.

MGVCLના દ્વારા દે.બારીયા શહેરના કસ્બા વિસ્તારમાં બિનઅનુભવી વિજ બીલ બનાવાતા વીજ ગ્રાહકોમાં રોષ

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં એમ.જી.વી.સી.એલ.ના દ્વારા વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. જે એમ.જી.વી.સી.એલ.ના પ્રોફેશનલ અને અનુભવી વીજ રીડરો જે બીલ બનાવતા હતા. તેઓ યુનિટના વપરાશના હિસાબે જ બીલ બનાવતા હતા પરંતુ છેલ્લા બે-ત્રણ બીલના સમયગાળા થી અનટ્રેનિંગ અને અનુભવહિન જેઓ કોન્ટ્રાકટના બેજ ઉપર સખી મંડળના સભ્યોએ પણ મહિલાઓ નહી પુરૂષો હોય છે. સખી મંડળ મહિલાઓનું રજીસ્ટર્ડ હોવો જોઈએ. સખી મંડળના નામે મહિલાઓના બદલે પુરુષો સખી મંડળ ગેરકાનુની રીતે રચી ચલાવતા તત્વો છે અને સાથે બીનઅનુભવીવાળા વ્યકિતઓ વીજ બીલ બનાવતા હોય છે. તેવું આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે. આગલા બે માસના બીલ આઠ હજારનું બનેલું હોય છે. અને હાલનું બીલ વીસ હજાર બનાવવામા આવે છે. તે કેવી રીતે શક્ય છે. સરેરાશ બીલ બનતા હોય છે. જે વીજ ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. આના બાબતે પદના અધિકારીઓ જયાં જયાં યુનિટના મુજબ વીજ બીલ બનાવ્યા નથી. ત્યાં ફરી અનુભવી મીટર રીડરને મોકલી ફરી વીજ બીલ બનાવે તેવી વીજ ગ્રાહકોની માંગ ઉઠવા પામી છે.

આપની આજ.....

મેષ : આજે તમે ભાગ્યશાળી થશો. સહજતાથી બધાં કામ સમયસર થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. ખર્ચા પર નિયંત્રણ રાખવું મહત્વપૂર્ણ છે.

વૃષભ : આજે તમને અજાણ્યા લોકોનો સહયોગ મળી શકે છે. સખત મહેનત જરૂરી છે, તેનાથી સફળતા પ્રાપ્ત કરી શકાય છે. તમારા માટે સક્રિય થયેલા વિરોધીઓ પણ પરાજિત થશે.

મિથુન : લાભકારક સમય છે, તમે કુશળતા અને વર્તનથી બધું મેળવી શકો છો. મુશ્કેલીઓ સમાપ્ત થશે અને વિરોધી લોકો પણ પરાજિત થશે. બહારના ખોરાક અને પીણાથી દૂર રહેવાની સલાહ આપું છુ.

કર્ક : આજે તમે આર્થિક મામલે ચિંતા કરી શકો છો. પારિવારિક બાબતો અંગે પણ તમે મૂંઝવણમાં રહેશો. અતિશય ઉત્સાહ અને અજાણતાં પગલાં કામ બગાડી શકે છે. સારો સંદેશ પણ આવશે અને જૂના મિત્રોને મળશો.

સિંહ : તહેવારોમાં ભાગ લેવાની તક મળશે પણ સામાજિક અંતરને ધ્યાનમાં રાખજો. તંદુરસ્ત ખોરાક લો, નિરાશાને તમારા મગજમાં ફેલાવા ના દેશો. સારા સમાચાર આવતા રહેશે.

કન્યા : આજે તમારે પારિવારિક જીવનમાં સમન્વય વધારવો પડશે, મુશ્કેલીઓ આવી શકે છે. જોકે, આજે તમારું સન્માન પણ વધશે અને તમને અનપેક્ષિત લાભ પણ મળશે. વ્યવહારમાં સાવધાની રાખવી. તમારી ક્રિયાઓનો વિરોધ કરવામાં આવશે.

તુલા : કોઈના પર શંકાથી સમય અને પૈસાનું નુકસાન થશે. આયોજિત કાર્યક્રમો પણ સફળ થશે અને આર્થિક લાભ પણ મળશે. પૂર્વજો તરફથી લાભની આશા રહેશે. કોઈ જૂના મિત્રનું આગમન કૌટુંબિક વ્યસ્તતામાં વધારો કરશે.

વૃશ્ચિક : મહેનત પછી ઇચ્છિત લાભ થશે, કામ સ્થગિત કરવાનું ટાળો. તમારે પણ ઘણી મુસાફરી કરવી પડી શકે છે, પરંતુ જો શક્ય હોય તો તેને ટાળો. તમારે કેટલાક અધૂરા કાર્યો સાથે કામ કરવું પડશે.

ધનુ : બહાદુરી અને પ્રયત્નોની યોજના બનશે અને મિત્રોનો સહયોગ રહેશે. કોઈપણ કાયમી મિલકતના કૌટુંબિક વિવાદનું સમાધાન કરવું જરૂરી રહેશે. પારિવારિક વ્યવસ્થા કરવામાં વ્યસ્ત રહેશો.

મકર : દંપતિની ખુશીમાં વધારો થશે. જટિલ કાર્યો ઉકેલાશે અને નફાકારક સાહસ ચલાવાશે. માનસિક ગૂંચવણોને કારણે માથાનો દુઃખાવો થવાની સમસ્યા રહેશે અથવા સંતાન પક્ષની ચિંતા રહેશે.

કુંભ : કાર્યક્ષેત્રમાં તમારી ધાક રહેશે અને એક પછી એક કેસ ઉકેલાશે. પેટ અને આંખોના દુઃખાવાના કારણે આરોગ્ય પર અસર થશે જેના કારણે કાર્યક્ષેત્રમાં અસ્થિરતા રહેશે.

મીન : વાહન અને રહેવા સંબંધિત સમસ્યા થઈ શકે છે. શુભ સંદેશના આગમનથી ઉત્સાહ વધશે અને મિત્રોનો સહયોગ પણ મળશે. વ્યક્તિઓનો પણ સહયોગ મળશે. હાથમાં પૂરતી સંપત્તિ હોવા છતાં પારિવારિક અશાંતિ રહેશે. તેથી પહેલાં મહત્વપૂર્ણ નિર્ણયો ના લો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

નાયબ પોલીસ મહાનિરીક્ષક દ્વારા દાહોદ જિલ્લા પોલીસનું વાર્ષિક ઈન્સપેકશન

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પોલીસનું વાર્ષિક ઈન્સપેકશન ગોધરા પંચમહાલ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ. ભરાડાની ઉપસ્થિતિમાં યોજાઈ રહ્યું છે. જેમાં જિલ્લા પોલીસ દ્વારા એસપી બલરામ મીણાના માર્ગદર્શનમાં સેરેમોનીયલ પરેડ, મોકડ્રીલ સહિતની વિવિધ ઈવેન્ટો યોજવામાં આવી હતી. આ ઈવેન્ટોમાં સરાહનીય પ્રદર્શન બદલ નાયબ પોલીસ મહાનિરીક્ષકએ જિલ્લા પોલીસને બિરદાવી હતી.

વાર્ષિક ઈન્સપેકશન નિમિત્તે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે સેરેમોનીયલ પરેડ યોજવામાં આવી હતી. નાયબ પોલીસ મહાનિરીક્ષક ભરાડાએ આ વેળા દાહોદ પોલીસનું નિરીક્ષણ કર્યું હતું. પોલીસ બેન્ડ દ્વારા વગાડવામાં આવતી સુમધુર સુરાવલીઓ, શિસ્તબદ્ધ ઉભેલા પોલીસ જવાનો, ઘોડેસવાર પોલીસ જવાનો, મહિલા પોલીસકર્મીઓ સહિતની પોલીસ ટીમનું તેમણે નિરીક્ષણ કર્યું હતું. આ વેળાએ જિલ્લા પોલીસ અધિક્ષક તેમની સાથે જોડાયા હતા.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મોકડ્રીલ પણ યોજાઈ હતી. જેમાં જિલ્લામાં આતંકવાદી હુમલા જેવી ઘટના બને તો તેવી પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તેની મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં એક બિલ્ડીંગમાં છુપાયેલા લોકોને પકડવાથી લઈને સમગ્ર ઓપરેશનની મોકડ્રીલ યોજવામાં આવી હતી. જેમાં સમગ્ર ઓપરેશનને જિલ્લા પોલીસ દ્વારા મોકડ્રીલ સફળતાપૂર્વક પૂર્ણ કરાઈ હતી.

જિલ્લા પોલીસ દ્વારા વાર્ષિક ઈન્સપેકશનના ભાગરૂપે બિલ્ડીંગ ઈન્ટરવેશન, ચેકપોસ્ટ ડ્રીલ, રાયોટ ડ્રીલ, મેડીશન બોલ પીટી, ખાલી હાથ પીટી, રાઈફલ ડ્રીલ, સંત્રી ડયુટી, ગાર્ડ બદલી, યોગા સહિતની વિવિધ ઈવેન્ટો યોજાઈ હતી. જિલ્લા પોલીસે આ ઈવેન્ટોમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું.

ઉપરાંત નાયબ પોલીસ મહાનિરીક્ષકની અધ્યક્ષતામાં પોલીસ દરબારનું પણ આયોજન કરાયું હતું. જેમાં પોલીસ કર્મીઓના પ્રશ્નોનું રેન્જ આઈજી એમ.એસ. ભરાડાએ સંતોષકારક નિવારણ કર્યું હતું. તેમણે અધિકારીઓ, પોલીસકર્મીઓને કામગીરી બાબતના કેટલાંક સૂચનો પણ કર્યા હતા. પોલીસ મેન્યુઅલમાં જણાવ્યા મુજબ રેન્જ વડા દ્વારા જિલ્લા પોલીસનું દર વર્ષે મૂલ્યાંકનની કામગીરી કરવામાં આવે છે. જે અંતર્ગત આ ઈવેન્ટો યોજવામાં આવ્યા હતા.

પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે એએસપી વિજયસિંહ ગુર્જર, એએસપી જગદીશ બાંગરવા, ડીવાયએસપી પરેશ સોલંકી, ડીવાયએસપી હર્ષ બેન્કર, ડીવાયએસપી રાજેન્દ્ર દેવધા, તમામ પોલીસ ઈન્સપેક્ટરઓ, પોલીસ સબ ઈન્સપેક્ટર સહિતના પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

દાહોદ આપ પાર્ટી દ્વારા બરવાળા લઠ્ઠાકાંડમાં મોતની ઘટનામાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે આવેદન

દાહોદ,

ગુજરાતના બરવાળામાં લઠ્ઠાકાંડને પગલે ઘણા લોકોના મોતને પગલે ગુજરાત રાજ્ય સહિત દેશ ભરમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે દાહોદમાં આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃમંત્રીને આ મામલે જવાબદાર ઠેરવી તેઓના રાજીનામાની માંગણી સાથે દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવમાં આવ્યું છે.

દાહોદમાં આમ આદમી પાર્ટી દ્વારા દાહોદ જિલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, હાલમાં થયેલ લઠ્ઠાકાંડના કારણે થયેલ મૃત્યુથી સાબિત થાય છે. ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પોતાની જવાબદારી નિભાવી શકતાં નથી, તો તાત્કાલિક ધોરણે તેમને પદ ભ્રષ્ટ કરવામાં આવે જય ભારત સહ જણાવવાનું કે, ગુજરાતના બરવાળામાં થયેલ લઠ્ઠાકાંડના કારણે પપ થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ પહેલી વખત લઠ્ઠાકાંડ નથી થયો હતો. આની પહેલાં પણ વારંવાર લઠ્ઠાકાંડ થયો છે. પહેલા પણ કેટલાય લોકો લઠ્ઠાકાંડમાં મૃત્યુ પામ્યા છે અને લઠ્ઠાકાંડની તપાસના નામે અત્યાર સુધી કાંઈ થયું નથી. પાંચ દિવસ થોડી જગ્યાઓ પર રેડો પડે, બે નાના દેશી દારૂના અડ્ડા ચલાવનારા લોકો પકડાય અને આખી વાત ત્યાં જ પુરી થઈ જાય, આ આખા ગુજરાત માટે બહુજ દુઃખદ ઘટના છે અને જનતા ખુબજ આક્રોશિત છે. જે પરિવારમાં લોકોના મૃત્યુ થયા છે. એ પરિવાર કઈ રીતે પોતાનું ગુજરાન ચલાવશે ? વારંવાર આવી ઘટનાઓથી લોકોનો પ્રશાસન પરથી ભરોષો ઉઠી રહ્યો છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં નશાબંધી હોવા છતાં પણ ચારે બાજુ દારૂનું ખુલ્લેઆમ વેચાણ ચાલે છે અને ખરાબ દારૂ પીને લોકોના જીવ જઈ રહ્યાં છે. આનાથી સાબિત થાય છે કે, ગુજરાતના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી પોતાની જવાબદારી નિભાવી શકતા નથી. તો તાત્કાલિક ધોરણે તેમને પદ ભ્રષ્ટ કરવામાં આવે છે. અમને આશા છે કે, આપ રાજયપાલ મુદ્દે કોઈપણ ભેદભાવ રાખ્યા વગર કડક પગલાં લેશો અને પીડિતોના પરિવારને ન્યાય અપાવશો તેમ દાહોદ આમ આદમી પાર્ટી દ્વારા જણાવ્યું હતું.

દાહોદની શાળાઓમાં વિદ્યાર્થીઓ કરી રહ્યાં છે મતદાન

દાહોદ,

દાહોદ જિલ્લાની શાળાઓમાં ચૂંટણીઓ યોજાઈ રહી છે !!! આ ચૂંટણીઓ વિધાનસભાની કે લોકસભાની ચૂંટણીઓ નથી. આ ચુંટણીઓ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વર્ગના મોનીટર ચૂંટવાની છે. પરંતુ આ બહાને વિદ્યાર્થીઓ લોકશાહીમાં ચૂંટણીની પ્રક્રિયા અને મહત્વ વિશે સમજે એ માટે સ્વીપ એક્ટિવિટિઝ તંત્ર દ્વારા એક ઝુંબેશ સ્વરૂપે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીના માર્ગદર્શનમાં હાથ ધરાઈ છે. જિલ્લામાં મોટા ભાગની શાળાઓમાં આ રીતની ચૂંટણીઓ યોજીને ભારતના ભાવિ મતદારોને લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયાથી વાકેફ કરાઈ રહ્યાં છે.

જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ પણ આ ચૂંટણી પ્રક્રિયામાં હોંશે હોશે ભાગ લઈ રહ્યાં છે. જેમાં વિદ્યાર્થીઓ જ પ્રિસાઈડીંગ ઓફિસર, પોલીગ ઓફિસર બની રહ્યાં છે અને વિદ્યાર્થીઓ જ મતદાર બનીને મતદાન કરી રહ્યાં છે. શાળામાં ઉભી કરવામાં આવેલી મતદાન કુટિરમાં વિદ્યાર્થીઓ કતારબદ્ધ ઉભા રહીને મતદાન આપે છે. સમગ્ર પ્રક્રિયા અસલમાં કરવામાં આવતા મતદાનની જેમ જ અનુસરવામાં આવે છે અને એ મુજબની તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવેએ જણાવ્યું કે, જિલ્લામાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત કરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓના ભાગરૂપે આ ચૂંટણીઓનું આયોજન કરાયું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓમાં મતદાન બાબતની જાગૃતિ અત્યારથી જ આવે એ માટે વક્તૃત્વ સ્પર્ધાઓ, નિબંધ સ્પર્ધા, વાંચન સ્પર્ધા, લોકસભા વિધાનસભાની ડિબેટ વગેરે એક્ટિવિટી યોજીને વિદ્યાર્થીઓને લોકોશાહીનું મહત્વ, લોકશાહીમાં મતદારની ભૂમિકા અંગે સભાનતા કેળવાય એ માટે સ્વીપ–સ્વેપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આયોજન કરાયું છે.

જેસાવાડા થી વડવાને જોડતા એકમાત્ર રસ્તામાં આવતું કાલીયાકોતર નાળાનું પહેલા વરસાદમાં જ ધોવાણ

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

અંદાજે ૭૦૦૦ વસ્તી ધરાવતા આ ગામને જોડતા મુખ્ય રસ્તામાં આવેલ કાળિયા કોતરનો નાળાનું પહેલા વરસાદમાં જ ધોવાણ થતા ગામ લોકોને આવાજ આવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. જે નાળાનું ધોવાણ થતા વડવા ગામના સરપંચના પતિ પ્રતાપભાઈ દ્વારા આર એન્ડ બી વિભાગને જાણ કરવામાં આવતા આર એન્ડ બી દ્વારા કોતરમાં નાળું નાખી અને ઉપર મેટલ નાખી રસ્તાનો સમારકામ કરવામાં આવ્યું હતું અને પુનઃ વાહન વ્યવહાર ચાલુ કર્યો હતો.

ઉલ્લેખનિય છે કે, અગાઉ આ કોતરના નાળાનું ધોવાણ થતાં અનેકવાર ગામ લોકોને અટવાવાનો વારો આવ્યો છે. સરકાર દ્વારા આ કોતર પર નવીન બ્રિજ બનાવવાનું પણ શરૂ કરવામાં આવ્યું હતું, પરંતુ ઈજારેદાર અધૂરૂં કામગીરી કરીને છોડી દેતા વડવા ગ્રામજનોને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. તંત્ર દ્વારા વહેલી તકે આ બ્રિજ પૂર્ણ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

દાહોદ જીલ્લાની પ્રા.શાળાઓમાં ઓરડાની ઘર તેવી શાળાઓમાં આવી પદ્ધતિ શરૂ કરવા સુચનો કર્યા

દાહોદ,

દાહોદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુરભાઈ પારેખ દ્વારા દાહોદ જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળકોના સ્વાસ્થ્ય માટે ચિંતા કરી ને તેમજ શાળાઓમાં કોઈ અઘટિત ઘટના ના બને તે માટે જે શાળાઓમાં ઓરડાઓની ઘટ છે તેવી શાળાઓમાં પાળી પદ્ધતિ શરૂ કરવામાં આવે તેમજ જો નજીકની શાળામાં ઓરડાઓની ઉપલબ્ધતા હોય અને શિક્ષણકાર્ય શક્ય હોય તો તેવી શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા દ્વારા બાળકો શિક્ષણ મેળવી શકે એ માટે અને આ બંને વૈકલ્પિક વ્યવસ્થા ના થાય તો શાળાની નજીકમાં SMC ના ઠરાવ થી મકાન પણ ભાડે રાખીને વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે જિલ્લાના તમામ સીઆરસી અને બીઆરસી કો.ઓ.ને આવતીકાલે તમામ શાળાઓમાં રૂબરૂ મુલાકાત કરી જરૂર જણાય ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે સૂચના આપવામાં આવી છે. સાથે સાથે ૯ મી ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી હોય તે દિવસની પૂર્વ સંધ્યાએ જિલ્લાના તમામ આદિવાસી બાળકોની શિષ્યવૃતિ તેમના બેન્ક ખાતામાં જમા થઈ જાય અને એક પણ બાળક શિષ્યવૃતિથી વંચિત ના રહે તે માટે તાલુકાના તમામ અધિકારીઓને સુચના આપી દેવામાં આવી છે. આમ, જિલ્લાના દરેક બાળકોની સ્વાસ્થ્યની ચિંતા કરીને તેમજ તેમના શિક્ષણની ચિંતા કરી વૈકલ્પિક વ્યવસ્થા માટે તેમજ તેમને મળતાં લાભો માટે ખુબ સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

દાહોદ જિલ્લાની ૭૫ સરકારી પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય ઊભા કરાશે

દાહોદ,

આઝાદીના અમૃત મહોત્સવની દાહોદ જિલ્લા પ્રશાસન દ્વારા ઉમદા રીતે ઉજવણી કરાઈ રહી છે. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે દાહોદની ૭૫ પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલય ઊભા કરાશે. જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ મિસાઈલ મેન તરીકે જાણીતા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામને યથાર્થ અંજલિ આપતા જિલ્લા વહીવટી તંત્રની આ પહેલને ૭૫કલામ લાઈબ્રેરી એવું નામ આપ્યું છે.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જણાવ્યું કે, જ્ઞાન એ વિકાસનો પાયો છે. જ્ઞાન જ વિશ્વમાં પરિવર્તન આણે છે ત્યારે ૭૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની વાંચન રૂચિ કેળવાય અને બાળપણથી જ ઉમદા વિચારોના સિંચન થકી તેમનું ઘડતર થાય એ માટે લાઈબ્રેરી વિકસાવાશે. જેમાં આગામી સમયમાં ૭૫ શાળાઓમાં લાઈબ્રેરી સેટ અપ કરાશે અને સ્કુલ ઓફ એક્સેલન્સમાં સમાવિષ્ટ આ શાળાઓમાં શિક્ષકોને પણ વાંચન પ્રવૃતિ વિકસે એ માટે સહકાર અપાશે.

તેમણે જણાવ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ડો. એ.પી.જે. અબ્દુલ કલામની પુણ્યતિથિ નિમિત્તે આ ઉમદા વિચારને સાકાર કરાઈ રહ્યો છે. નાના ભૂલકાંઓ વર્ગખંડમાં મેળવેલા જ્ઞાન થકી દેશના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરે છે ત્યારે બાળકો આદર્શ નાગરિક બને, તેમનામાં દેશભક્તિની ઉમદા ભાવના વિકસે અને ઉચ્ચ સંસ્કારોનું નિર્માણ થાય એ માટે જિલ્લાની ૭૫ પ્રાથમિક શાળાઓમાં પુસ્તકાલયો વિકસાવાશે.

ફતેપુરા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા કોંગ્રેસ ના અધીર રંજન ચૌધરીના પૂતળાનું દહન

તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના સાંસદ અધીર રંજન ચૌધરીન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિશે અશોભનીય કરેલી ટિપ્પણી પર પોતાનું વલણ વધુ તીવ્ર બનાવ્યું છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા અધીર રંજન ચૌધરીના પૂતળાનું દહન કરી ભાજપા દ્વારા ફતેપુરા ખાતે દેખાવ કર્યા હતા અને કોંગ્રેસ મુર્દાબાદના સૂત્રોચાર કર્યા હતા. જેમાં દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ આમલીયારની આગેવાની હેઠળ ભારતીય જનતા પાર્ટીના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓની ઉપાસ્થિતિમાં ફતેપુરા પોલીસ ચોકી સામે અધીર રંજન ચૌધરીના પૂતળાનું દહન કરી સુત્રોચાર કર્યા.

ફતેપુરા ભાજપાના દાહોદ જિલ્લા પ્રમુખ દ્વારા વધુમાં જણાવ્યું હતું કે, દ્રૌપદી મુર્મુ અમારા આદિવાસી કુળ માંથી આવે અને અધીર રંજન ચૌધરી દ્વારા કરવામાં એકલ ટિપ્પણીનો સખ્ત શબ્દો માં વખોડી કાઢીએ છે અને અમારા આદિવાસી સમાજનું અપમાન કરવામાં આવી રહ્યું જે અમે ચાલવી નહિ લઈએ અને કોંગ્રેસ પાર્ટીએ દ્રૌપદી મુર્મૂની માફી માંગવી જોઈએ.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વિશે લોકસભામાં અશોભનીય ભાષાનો ઉપયોગ કોંગ્રેસના નેતા દ્વારા કરાતા દાહોદમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમ જિલ્લા ભાજપ દ્વારા કરવામાં આવ્યો

દાહોદ,

ભારતની અસ્મિતાને લાંછન લાગે ટેવ કૃત્ય કોંગ્રેસ પક્ષના નેતા દ્વારા કરવામાં આવ્યું હતું. કોગ્રેસના લોકસભાના પક્ષના નેતા અધિર રંજન ચૌધરી દ્વારા પ્રથમ મહિલા આદિવાસી મહામહીમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી માટે રાષ્ટ્રપતિના બદલે રાષ્ટ્રપત્ની જેવા અશોભનીય શબ્દોનો પ્રયોગ ઈરાદાપૂર્વક કર્યો હતો અને ત્યાર પછી તેની ખૂબ ટીકાઓ સંસદમાં થઈ હતી. કારણ કે, કોંગ્રેસ પાર્ટીના નેતા એટલી હદે છકી ગયા છે કે તેઓ આપડા સર્વોચ્ચ પદની ગરિમા પણ રાખી નથી શકતા અને જે બાબત ખુબજ અપમાન જનક છે અને આવા શબ્દોનો ઈરાદાપૂર્વક પ્રયોગ કરી આદિવાસી સમાજનું પણ અપમાન કર્યું છે. તેના વિરોધમાં આજ રોજ તા. ૨૮/૦૭/૨૦૨૨ બપોરે ૦૨:૩૦ કલાકે દાહોદ શહેર ભારતીય જનતા પાર્ટીનો વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ દાહોદ નગરપાલિકા ચોક ખાતે રાખવામાં આવ્યો હતો અને જેમાં દાહોદ નગરમાં રહેતા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કર્યો હતો.

સીંગવડ તાલુકાની ૧૦૫ પ્રા.શાળા અને ૨૮ મા.શાળાના ૩૫ હજારથી વધારે વિદ્યાર્થીઓને તંત્રની નિષ્કાળજીને કારણે શિષ્યવૃત્તિથી વંચિત રહેવાનો વારો

સીંગવડ,

સીંગવડ તાલુકાની ૧૦૫ પ્રાથમિક શાળાઓ અને ૨૮ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ૩૫ હજારથી વધારે વિદ્યાર્થીઓને વર્ષ–૨૦૨૨/૨૩ના વર્ષની શિષ્યવૃત્તિથી દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગની વહીવટી તંત્રની નિષ્કાળજીના કારણે વંચિત રહેવાનો વારો આવશે તેમ જણાઈ રહ્યુ છે.

સીંગવડ તાલુકા પ્રાથમિક શિક્ષણ વિભાગના માધ્યમિક શાળાના સંખ્યાબંધ આચાર્ય તેમજ વહીવટ કરતા કર્મચારીઓ દ્વારા વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતાં ઉકેલ ન આવતા ડીજીટલ ગુજરાત વેબસાઈટના શાળા શિષ્યવૃતિત પોર્ટલ લગભગ સત્ર શરૂ બંધ હાલતમાં હોઈ શિક્ષણકાર્યની સાથે સાથે બાળકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે.

દાહોદ જિલ્લા શિક્ષણ વિભાગની બેદરકારીના કારણે સીંગવડ તાલુકાના ડાયઝ કોડ પણ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. શાળાઓને ઓનલાઈન કરવાની કામગીરી સાથે શાળાના શિક્ષમોની હાજરી, શાળાના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હાજરી, સહિત મધ્યાહન ભોજન સહિત વિશેષ કામગીરીઓ ઓનલાઈન અપલોડ કરવા માટે કોડ આપવામાં આવ્યા છે. નવા ડાયસ્કોર્ડમાં શિષ્યવૃત્તિને લગતી ડીજીટલ ગુજરાત વેબસાઈટ શાળા શિષ્યવૃત્તિ પોર્ટલ છેલ્લા એક મહિનાથી બંધ હાલતમાં હોઈ તાલુકાની દરેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના પોર્ટલ ઉપર લોગીન કરતા અનવેલીડ સ્કુલ મેસેજ આવે છે. તાલુકામાં શિષ્યવૃત્તિના ફોર્મ અપલોડ કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૭/૨૦૨૨ છે ત્યારે હવે શાળામાં વહીવટ કરતા કર્મચારીઓએ શિષ્યવૃત્તિ ફોર્મ કેવી રીતેના અપલોડ કરવા એ પ્રશ્ન ઉભો થયો છે. આ બાબતે તાલુકા શિક્ષણ અધિકારી અને બી.આર.સી.કોડીનેટર માધ્યમિક શિક્ષક કર્મચારીઓ દ્વારા લેખિત રજુઆત કરાઈ છે છતાં કોઈપણ પ્રકારની કામગીરી નહિ કરાતા તેના માટે જવાબદાર કોણ રહેશે એ પણ એક સળગતો પ્રશ્ન છે. આ વિષય ઉપર ધ્યાન આપી તાત્કાલિક ધોરણે પગલા ભરે તેવુ સીંગવડ તાલુકા શિક્ષણ વિભાગના કર્મચારીઓની માંગ ઉઠવા પામી છે.

ફતેપુરાના વલુન્ડા ગામે ફાઈનાન્સ કંપની ઓફિસ માંથી ૬,૪૪૨/-રૂપીયાની ચોરી કરતાં તસ્કરો

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વલુન્ડા ગામે એક ફાઈનાન્સ કંપનીમાં તસ્કરોએ હાથ ફેરો કરી રૂ. ૬,૪૪૨ની રોકડ રકમ સહિત કોરી ચેકબુક ચોરી કરી લઈ નાસી ગયાંનું જાણવા મળે છે. ગત તા.૨૪મી જુલાઈના રોજ ફતેપુરા નગરમાં હનુમાન ટેકરી ખાતે રહેતાં કૌશિકકુમાર કેશવલભાઈ બામણીયાની વલુન્ડા ગામે આવેલ ભારત ફાઈનાન્સ ઈન્ક્યુલીઝન લીમીટેડની ઓફિસમાં રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ ફાઈનાન્સ કંપનીને નિશાન બનાવી ઓફિસના દરવાજાનું તાળુ તોડી ઓફિસમાં પ્રવેશ કર્યો હતો અને સેફ લોકરમાંથી રોકડા રૂપીયા ૬,૪૪૨ તેમજ કોરી ચેકબુક વિગેરે ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કૌશિકકુમાર કેશવલભાઈ બામણીયાએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદમાં દશામાંની મૂર્તિની ભાવિક ભકતો દ્વારા પધરામણી કરવામાં આવી

દાહોદ,

અષાઢ માસનો અંતિમ દિવસ એટલે કે દિવાસો, દિવાસો એટલે કે સો પર્વનો વસો. દિવાસાથી જ વ્રત, તહેવાર અને ઉત્સવોનો પ્રારંભ થાય છે. દિવાસાથી લઈ દિવાળી સુધી લગભગ સો દિવસનો સમય રહે છે અને તે સંપૂર્ણપણે ઉત્સમય રહે છે એટલે જ અષાઢી અમાસનો દિવસ ખૂબ ઉત્તમ માનવામાં આવે છે. દિવાસો આજથી ચાલુ થતાં ઉત્સવની શરૂઆત દશામાં ની પૂજા અને મૂર્તિ સ્થાપનાથી થાય છે.

આજના દિવસને દિવાસો અને હરિયાળી અમાવાસ તરીકે પણ ઓળખાય છે. એવું માનવામાં આવે છે કે, આજના દિવસે વૃક્ષ રોપણ કરવાથી બધા કષ્ટોમાં થી છુટકારો મળે છે અને સુખ સમૃદ્ધિ વધે છે. અમુક વિસ્તારોમાં કિસાનો દ્વારા આજના દિવસે ખેતીમાં વપરાતા સાધનોની પણ પૂજા કરવામાં આવે છે. જેથી ભગવાન તેમની ખેતીમાં ખૂબ જ વૃધ્ધિ કરે તેવી પ્રાર્થના કરાય છે.

દાહોદમાં તેમજ આસપાસના વિસ્તારોમાં દશામાંની મૂર્તિનું આજ રોજ વાજતે ગાજતે સ્થાપના કરવામાં આવી, અબીલ ગુલાલ તેમજ ફટાકડા ફોડતા ભક્તો માઁ દશામાંની જયજય કાર કરતા ભક્તો જોવાતા હતા. આજથી દશામાંના ઉપવાસ પણ ચાલુ થયેલ છે. માં દશામાંના ભક્તો દ્વારા શુભ મુહૂર્ત જોઈ ઘરે અને અમુક વિસ્તારોમાં તો ચોકમાં દશામાંની મૂર્તિનું સ્થાપન કરવામાં આવેલ છે. આજથી દસ દિવસ સુધી દશામાંનું પૂજન, અર્ચન, સત્સંગ, આરતી, કીર્તન, ગરબા, પ્રસાદ જેવા પ્રોગ્રામો ઘરે ઘરે જોવા મળનાર છે. આમ, દશામાંના ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.286

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

ગોધરા ગણેશ મહોત્સવ અંતર્ગત ગણેશ આયોજકો સાથે પોલીસ પ્રશાસને મીટીંગ યોજી

ગોધરા,

ગોધરા શહેરની આન બાન અને શાન ગણાતા ગોધરા ગણેશ મહોત્સવની પ્રથમ મિટિંગ ગણેશ આયોજકો અને પંચમહાલ જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા શહેરના પોલીસ હેડ ક્વાટર ખાતે આવેલા પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે યોજવામાં આવી હતી.

સમગ્ર રાજયની જ્યાં નજર હોય છે. તેવા ગોધરા શહેરની આન બાન અને શાન ગણાતા ગોધરા ગણેશ મહોત્સવની તૈયારીઓ સાથે ગણેશ પ્રતિમાઓનું વાજતે ગાજતે આગમન, સ્થાપન અને વિસર્જન યાત્રા માટેની પ્રથમ ગણેશ આયોજકોની મીટીંગ પંચમહાલ જિલ્લા પોલીસ પ્રશાસન દ્વારા શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવેલા પોલીસ તાલીમ કેન્દ્ર નાં સભાખંડ માં આયોજિત કરવામાં આવી હતી. જે મિટિંગ પંચમહાલ જિલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં આયોજિત કરવામાં આવી હતી. જેમાં નાયબ જિલ્લા પોલીસ વડા સી.સી.ખટાણા,ગોધરા શહેર એ અને બી ડિવિજન પોલીસ મથક અને ગોધરા તાલુકા પોલીસ મથકના પી.આઇ.ઓ. તેમજ ગોધરા ગણેશ મહોત્સવનાં આયોજકો કે.ટી.પરીખ, આનંદ ઘડિયાળી તેમજ વિવિધ ગણેશ મંડળોનાં આયોજકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.જે મિટિંગમાં ગણેશ મંડળના આયોજકોને ગણેશ પ્રતિમાની ઊંચાઈ મર્યાદિત, પી.ઓ.પી.ની મૂર્તિ નાં હોવી જોઈએ, માટીની મૂર્તિની સ્થાપનનો આગ્રહ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત ગણેશ મંડળના આયોજકો અને પોલીસ પ્રશાસન વચ્ચે સુમેળ ભર્યો વ્યવહાર રાખવા ખાસ અપીલ કરવામાં આવી હતી.ત્યારે ગણેશ મંડળો નાં આયોજકો દ્વારા વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ સુધી કોરોના કાળ ને કારણે ગણેશ મહોત્સવ ની ઉજવણી કરવામાં આવી નથી.તો આ વર્ષે પાછલા બે વર્ષની કસર પૂરી કરવા માટે ગણેશ મંડળોમાં ગણપતિ મહોત્સવની ઉજવણીને લઈને ધામધૂમ પૂર્વક કરવા માટે અનેરો ઉત્સાહ અને ઉત્કંઠા ગણેશ આયોજકોના ચહેરાઓ પર જોવા મળી હતી.

પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા આગામી ગણેશ મહોત્સવ ધામધૂમપૂર્વક અને શાંતિપૂર્વક ઉજવવા માટે ગણેશ આયોજકો ને અપીલ કરી હતી.ગણેશ મંડળનાં આયોજકો દ્વારા મંડળ નું નામ, શ્રીજી સ્થાપન સ્થળ તેમજ અન્ય જરૂરી વિગતો દર્શાવતા ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગણેશ મંડળોનાં આયોજકો દ્વારા પોલીસ પ્રશાસન ને આગામી ગણેશ મહોત્સવ શહેરમાં શાંતિપૂર્વક, સુલેહ પૂર્વક અને સરકારની ગાઈડ લાઇન તેમજ કોમી એખલાસ સાથે યોજવામાં આવશે તેની ખાતરી આપી હતી.

ગોધરા વિધાનસભા ટીકીટ માટે લઘુમતિ સમુદાયની બુલંદ માંગ

૧૯૯૮ પછી મુસ્લિમ સમુદાયના યુવાનો પ્રથમ વખત ચૂંટણી જંગમાં સેનાપતિ બનવાની લડતમાં

ગોધરા,

ગત બુધવારે ગોધરા સર્કિટ હાઉસમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મંત્રી અને મધ્ય ગુજરાતના પ્રભારી ઉષા નાયડુ પધાર્યા હતા. જેમાં તેઓએ કાર્યક્રમ મુજબ પંચમહાલની તમામ વિધાનસભા વિસ્તારના કાર્યકરો સહિત ટીકીટ વાચ્છુંકો સાથે વાતચીત કરી હતી. ખુબજ લાંબા સમય બાદ કોંગ્રેસના જીલ્લાભર માંથી મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા ૧૨૬ વિધાનસભા બેઠકને લઈ ખુબજ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયા હતા અને આ કાર્યક્રમમાં ગોધરા ૧૨૬ વિધાનસભા માટે લઘુમતિ સમુદાયના શિક્ષિત યુવાનોએ પ્રબળ અને મજબુત દાવેદારી કરતા હાજર લોકોમાં ઉત્સાહની લાગણી જોવા મળી હતી. ગોધરા મુસ્લિમ સમુદાય માંથી ભૂતકાળમાં પણ ટીકીટની માંગણીઓ કરાઈ છે પણ એ અન્ય ઉમેદવારોના પપેટ બનીને દાવેદારને મજબુત કરવા માટેના કારસા હોતા હતા પરંતુ પ્રથમ ચૂંટણી લડવા માટે ગોધરાના યુવા ડોક્ટર હાશીમ પટેલ સહિત એન્જિનિયર એવા અનસ અંધીએ પોતાની પ્રબળ અને મજબુત દાવેદારી નોંધાવી હતી જ્યારે પટેલ સમુદાય માંથી યુવા કોંગ્રેસી આગેવાન એવા દક્ષેશ પટેલ અને ઓબીસી સમુદાય માંથી દુષ્યંત ચૌહાણે અને તેમની પત્નિએ ટીકીટ માટે માંગણી કરી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ પૂર્વ ઉમેદવારને લઈ ભારે વિરોધ જોવા મળ્યો હતો અને તેઓ સાડા ચાર વર્ષથી પ્રજા વચ્ચેથી ગાયબ છે અને ચૂંટણી ટાણે માલ મલીદા લપેટલા પાછા રાજકીય બજારમાં આવ્યા છે. એવી રજુઆતો કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી.

હવે આવનાર દિવસોમાં લઘુમતિ સમુદાયના યુવાનો ચિંતન શિબિર–૨નું આયોજન કરવાના હોવાનું પણ કહેવાય છે, આ સમાચાર લખાય છે. તે વખતે પણ મુસ્લિમ સમુદાયનું એક ડેલીગેશન અમદાવાદ ખાતે કોંગ્રેસના આલા નેતાઓ સાથે ચર્ચા કરીને ટીકીટ મેળવટવાના પ્રયત્નોમાં સક્રિય રીતે લાગેલા છે. ત્યારે આવનાર દિવસોમાં ગોધરાના રાજકારણમાં ભારે ફેરફાર દેખાય રહ્યો છે.

ગોધરા સ્થિત શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે E-FIR લોકજાગૃતિ કાર્યક્રમનું કરાયું આયોજન

ગોધરા,

ગુજરાતમાં વાહન ચોરી અને મોબાઇલ ચોરી માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના હસ્તે E-FIR પોર્ટલનો શુભારંભ કરવામાં આવ્યો હતો. E-FIR એપ્લીકેશન અને પોલીસ વિભાગની અન્ય ઓનલાઈન સેવાઓ બાબતે લોકોમાં જાગૃતિ આવે તે અન્વયે પંચમહાલ જિલ્લામાં પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકીની અધ્યક્ષતામાં વિવિધ સ્થળો ખાતે લોક જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

આ અન્વયે ગોધરા સ્થિત શેઠ પી.ટી.આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આ કોલેજના વિદ્યાર્થીઓએ અભ્યાસ દરમિયાન જે સિદ્ધિઓ મેળવી હતી. તેને લઈને વિવિધ અધીકારીગણોના હસ્તે સર્ટિફીકેટનું વિતરણ કરાયું હતું. આ સાથે વિદ્યાર્થીઓને E-FIR બાબતે ડિજિટલ ડિસ્પ્લે દ્વારા ટુંકી ફિલ્મ બતાવી આ એપ્લીકેશનના માધ્યમથી કેવી રીતે ફરિયાદ કરી શકાય છે. તે બાબતે માહિતી આપવામાં આવી હતી તથા લિંક અને ક્યુ–આર કોડ દ્વારા આ એપ્લીકેશન ડાઉનલોડ કરવા માહિતી અપાઈ હતી.

આજના આ પ્રસંગે પોલીસ અધીક્ષક હિમાંશુ સોલંકીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના ગૃહ વિભાગના મહત્વના નિર્ણય થકી વાહનચોરી અને મોબાઇલ ચોરી જેવા કેસોમા ઘરેબેઠા ફરીયાદ નોધાવી શકાશે. આ સાથે તેમણે કહ્યું કે, અત્યારે આ પાયલોટ પ્રોજેકટ છે તથા પ્રોજેકટ સફળ થાય તો સરકાર દ્વારા ભવિષ્યમાં વિવિધ ગુનાઓને ઈ એપ્લિકેશન દ્વારા નોધવામાં આવશે. ગુજરાત સરકારના પ્રયત્નો દ્વારા E-FIR એ નાગરિક સીટીઝન પોર્ટલ દ્વારા અને સીટીઝન ફર્સ્ટ નામની એપ દ્વારા ફરિયાદ નોધાવી શકાય છે. લોકો દ્વારા કરાયેલી ફરિયાદ આધારે ૪૮ કલાકમાં પોલીસ ફરિયાદીનો સંપર્ક કરી ઘટના સ્થળની મુલાકાત કરશે. ફરિયાદીને તેની જાણ જ્યજ દ્વારા મળતી રહેશે ઉપરાંત આની જાણ જે તે વિમાં કંપનીને પણ અપડેટ થતી રહેશે. આજના ડિજિટલ યુગમાં તમામ પ્રકારની ઓનલાઈન સેવાઓ મળી રહે તે મુજબની સેવાઓ આપવામાં આવી રહી છે. આ સાથે ગુમ થયેલ વ્યક્તિ, મકાન ભાડે આપેલું હોય, પાસપોર્ટ એપ્લિકેશન જેવી સુવિધાઓ પણ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ પ્રસંગે ડીવાયએસપી ચેતનભાઈ ખટાણાએ વિદ્યાર્થીઓને સોશિયલ મિડીયાનો સદઉપયોગ કેવી રીતે કરવો અને સાયબર ક્રાઇમ વિશે માહિતી પુરી પાડી હતી.

આજના આ પ્રસંગે પીઆઈ એન.આર ચૌધરી, કોલેજના આચાર્ય, પ્રોફેસરઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરાના પ્રાચીન મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસમાં ભકતો દર્શનાર્થે ઉમટશે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના પાલીખંડા પાસે પસાર થતા હાઇવે માર્ગને અડીને આવેલ પ્રાચીન મરડેશ્વર મહાદેવના મંદીર ખાતે શ્રાવણ માસમા દર્શનનું વિશેષ મહત્વ રહેલું છે. દેવાધિદેવ મરડેશ્વર મહાદેવનું ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે. આઠ ફૂટનું શિવલિંગ મરડિયા પથ્થર માંથી બનેલું હોઈ તે મરડેશ્વર તરીકે ઓળખાય છે. શિવલિંગ માંથી સ્વયંભુ અવિરત સતત ગંગાજળ વહ્યા કરે છે. પ્રતિવર્ષ આ શિવલિંગ ચોખાના દાણા જેટલું શિવરાત્રીની રાત્રીએ વધતું હોવાની પણ માન્યતા છે. અહીં શ્રાવણ માસ દરમિયાન શિવ ભકતો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે. સ્વયંભૂ મરડેશ્વર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવતા હોય છે.

શહેરા થી લુણાવાડા તરફ જવાના હાઇવે માર્ગને અડીને આવેલ મરડેશ્વર મહાદેવનું વર્ષો જૂનુ મંદિર આવેલ છે. મરડેશ્વર મહાદેવના સ્વંયભૂ શિવલીંગના દર્શન કરવાનું શ્રાવણ માસમાં વિશેષ મહત્વ રહેલુ હોવાથી મોટી સંખ્યામાં ભકતોનો પ્રવાહ શરૂ રહેતો હોવા સાથે મંદિરનું પરીસર હર...હર... મહાદેવના નાંદ થી ગુંજી ઊઠતું હોય છે. આ મરડેશ્વર મહાદેવનું સ્વયંભુ શિવલિંગ પ્રતિવર્ષ શિવરાત્રીની રાત્રીએ ચોખાના દાણા જેટલું વિકાસ પામી રહ્યું છે. ઓમની પ્રતિકૃતિ સતત ગંગાજળનું વહેણ (જલાધારિ) ધરાવતું અને ૮ ફૂટ ઉંચાઇ અને ૮ ફૂટ પહોળા અને રૂદ્રાક્ષ જેવી ભાત ધરાવતું આ એક માત્ર શિવલીંગ છે. વિવિધ મહાત્મ્ય વચ્ચે શહેરાના પાલીખંડા સ્થિત મરડેશ્વર મહાદેવ સ્વંયભૂ શિવલીંગ અનેરો મહિમા ધરાવે છે. ચાર યુગના ચાર ખંડ (ભાગો)માં વહેંચાયેલું સ્વંયભૂ શિવલીંગ હાલમાં કળીયુગના ભાગ (ખંડ)માં વિકસીત થઇ રહ્યું છે. જેનો વિકાસ પૂર્ણ થઇ મંદિરની છત સુધી પહોંચશે ત્યારે પુનઃ સત યુગનો પ્રારંભ થશે એવી લોકવાયકાઓ પણ જોડાયેલી છે. વિવિધ લોકવાયકા અને વાસ્તવિકતાઓ વચ્ચે આ ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે. સ્વયંભુ પ્રાચીન શિવલિંગ હોઈ અહી પ્રાર્થના અને દર્શન કરવાથી સર્વ મનોકામના મહાદેવની કૃપા થી પૂર્ણ થતી હોવાનું ઘણા ભક્તોને અનુભવ છે. શ્રાવણ માસમાં અહી દુર દુર થી શ્રદ્ધાળુઓ આવી દેવાધી દેવ મહાદેવના ભવ્ય શિવલિંગના દર્શન કરી ભવ્યતા અને પરમ શાંતિનો અનુભવ કરે છે. શ્રાવણ માસમાં જન્માષ્ટમીનો ભવ્ય મેળો પણ ભરાય છે. આ મેળામાં સ્થાનિક જીલ્લા સહિત દુર દુર થી અહી મેળો માણવા માટે આવતા હોય છે. વર્ષ દરમિયાન હાઇવે માર્ગ પરથી વાહન લઈને પસાર થતા શિવ ભક્તો ગમે તેટલી ઉતાવળ હોય તો પણ મરડેશ્વર મહાદેવ સ્વયંભુ શિવલિંગના દર્શન કરવાનું ચુકતા નથી. અહીં અનેક શિવ ભકતોએ ભગવાનના દર્શન કરી સંતાન, લગ્ન સહિત મનમાં લીધેલ દરેક મનોકામના સમય આવે દેવાધિ દેવ મહાદેવ પૂર્ણ કરતા હોય છે. સ્વયંભુ પ્રાચીન શિવલિંગ હોઈ અહી દર્શન કરવાથી જ્યોતિર્લીંગના દર્શન જેટલું જ પુણ્ય મળતું હોઈ દર્શનાર્થીઓ દર્શન કરી પુણ્ય પ્રાપ્ત કરે છે. ચમત્કારિક શિવલીંગ સ્વંય શંકર ભગવાનની પ્રતિતી કરાવે છે.

ગોધરા શહેરમાં દુઃખડા હરનારી માં દશામાં વ્રતનો પ્રારંભ

ગોધરા,

ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લામાં આજ રોજથી માં દશામાં વ્રતનો પ્રારંભ થઇ રહ્યો છે. ત્યારે ગોધરા શહેરમાં શ્રદ્ધાળુ માતા બહેનો દ્વારા માં દશામાંની પ્રતિમાને ડી.જે. ના તાલે વાજતે ગાજતે લઈ જઈ શ્રદ્ધાપૂર્વક, આસ્થાપૂર્વક માં નું સ્થાપન કરવામાં આવ્યું હતું. આગામી દસ દિવસ સુધી દુખડા હરનારી માં દશામાંની સેવા પૂજામાં ભાવિક માતા બહેનો લીન રહેશે.

ગોધરા ખાતે આપ પાર્ટી દ્વારા બરવાળા લઠ્ઠાકાંડના વિરોધમાં કલેકટરને આવેદન આપ્યું

ગોધરા,

આમ આદમી પાર્ટી પંચમહાલ જિલ્લા પ્રમુખ દર્શન વ્યાસની આગેવાનીમાં બરવાળા લઠાકાંડનાં વિરોધમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો દ્વારા વિરોધ પ્રદર્શન કરી કલેક્ટર મારફત ગુજરાત રાજ્ય રાજ્યપાલને આવેદન પત્ર આપવામાં આવ્યું. હાલમાં બરવાળામાં થયેલ લઠાકાંડ થયો હતો. ભા.જ.પ. ની સરકારમાં આવા લઠ્ઠાકાંડ વારંવાર થતાં આવ્યા છે. સાલ ૨૦૧૬, ૨૦૧૭, ૨૦૧૯, ૨૦૨૧ અને હાલ ૨૦૨૨માં પણ લઠ્ઠાકાંડ થયો. ગાંધીજી અને સરદાર પટેલનાં ગુજરાતમાં નશાબંધી હોવા છતા વારંવાર આવા કાંડ થતાં આવ્યાં છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર ગુજરાત રાજ્યમાં અંદાજે વર્ષે ૨૦ હજાર કરોડ રૂપિયાનો હપ્પતા વસુલી ભાજપના નેતા અને મળતિયાઓ દ્વારા કરવામાં આવે છે અને હપ્તા સચિવાલય સુધી પોહચડાવામાં આવે છે. બરવાળા લઠ્ઠાકાંડને કેમિકલ કાંડમાં ખપાવી દઈ કોય અસર કારક કાર્યવાહી કે દોષીતને સજા કરવામાં આવતી નથી. આ આખા લઠ્ઠાકાંડમાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રી એ કોઈ પણ અસરકારક પગલાં લીધાં નથી અને આખી ઘટનાને ભીનું સંકેલવામાં આવી રહ્યું છે. માટે આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને પદ પર થી હટાવી દેવા માંગ કરવામાં આવી. આજનાં કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા માંથી મોરવા હડફ ટીમ, કાલોલ ટીમ, હાલોલ ટીમ, શહેરા ટીમ અને ગોધરા ટીમ માંથી મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર મિત્રો હાજર રહ્યાં હતાં.

પંચમહાલ જીલ્લા પાંચ મહિના બાદ ૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લા પાંચ મહિનાના બ્રેક બાદ ધીમીગતિથી કોરોના સંક્રમણના દર્દીઓ સામે આવી રહ્યા છે. જીલ્લામાં આજરોજ પાંચ કોરોના પોઝીટીવ કેસ નોંધાતાં દર્દીઓને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્ય સહિત પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણનો ભય ઓછો થયો હતો પરંતુ છેલ્લા કેટલાક દિવસો થી રાજ્યના અનેક જીલ્લાઓમાં કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ બાકાત રહ્યો નથી. જીલ્લામાં પાંચ મહિના બાદ પાંચ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા–૨, હાલોલ–૧, હાલોલ ગ્રામ્ય–૧, જાંબુઘોડા–૧ કેસ નોધાવા પામ્યા છે. તમામ દર્દીઓને કોરોનાની અસરને લઈને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ત્યારે જીલ્લાવાસીઓ કોરોના સંક્રમણથી બચવા માટે સર્તક બને તેવી જીલ્લા આરોગ્ય વિભાગે અપીલ કરી.

ગોધરા મુકામે મહામહીમ રાષ્ટ્રપતી દ્રોપદી મુર્મુજીનું અશોભનીય શબ્દ પ્રયોગ વાપરી જાણી જોઈને ઈરાદા સર રાષ્ટ્રપતીને બદલે ''રાષ્ટ્રપત્ની'' બોલીને કોંગ્રેસના નેતા અધિર રંજન એ દેશના પ્રથમ નાગરિક અને નારી શકિતનું ઘોર અપમાન કરેલ છે. સાથે સાથે આદિવાસી સમાજનું પણ અપમાન કરેલ છે. જેના ઉપકમે ગોધરા નગરમાં વિરોધ પ્રદર્શન જિલ્લા સંગઠન દ્વારા રાખેલ જેમાં ઉપસ્થિત રહેવાનું થયું. આ બાબતને લઈ કોંગ્રેસના તમામ લોકોએ શરમાવું જોઈએ અને દેશની અને સમાજની જાહેરમાં માફી માગવી જોઈએ.

સરકારશ્રીની કુટિર અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલ વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવા માટેની યોજના

ગોધરા,

ગુજરાત સરકાર દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલ વ્યકિતઓને સ્વરોજગારી પુરી પાડવા માટે રાષ્ટ્રીયકૃત બેંકો,સહકારી બેંકો,પબ્લીક સેકટર બેંકો,ખાનગી બેંકો મારફતે નાણાકીય લોન તેમજ સબસીડી આપવા માટે વાજપાઇ બેંકેબલ લોન યોજના અમલમાં છે,જેનો મુખ્ય હેતુ કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન આપી ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારના શિક્ષિત યુવાન, યુવતીઓ,દિવ્યાંગોને સ્વરોજગારી પુરી પાડવાનો છે. ૧૮ થી ૬૫ વર્ષ સુધીની ઉંમરની કોઇપણ વ્યકતિ આ યોજનાનો લાભ લઇ શકે છે.લાભ લેનાર વ્યકિત ઓછામાં ઓછું ધોરણ–૪ પાસ અથવા કોઇપણ તાલીમનો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.આ યોજના અંતર્ગત કારીગરો પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચાલુ કરી આત્મનિર્ભર બની શકે છે.

અરજદારો નવા એકમ તેમજ ચાલુ ધંધાના વિસ્તરણ માટે જે–તે બેંકના નિયત કરેલા વ્યાજદરે રૂ.૮ લાખ સુધીની લોન મેળવી શકે છે.જેના ઉપર ૨૦ થી ૪૦ ટકા નિયમ મુજબ મહતમ રૂ.૧,૨૫,૦૦૦/– સુધીની સબસીડી મળવાપાત્ર થાય છે.આ યોજનાનો લાભ લેવા માટે પાસપોર્ટ ફોટો, આધારકાર્ડ, સ્કુલ સર્ટીફીકેટ/જન્મનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, અનુભવનો દાખલો, કોટેશન, ધંધાના સ્થળનો આધાર, લાઇટબિલ/વેરાપહોંચ જેવા ડોકયુમેન્ટ સાથે blp.gujarat.gov.in પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે.વધુ માહિતી માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગોધરા, જિ.પંચમહાલ નો સંપર્ક સાધવા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,ગોધરાના જનરલ મેનેજરએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

મોરવા(હ)ના નાગલોદ ગામે ખેતરમાં અવરજવરનો રસ્તો રાખવાનું કહેવા જતાં જાતિઅપમાનિત મારમારતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાગલોદ ગામે ખેતરમાં અવરજવરનો રસ્તો ખોદી નાખતા ફરિયાદી બાઇક સાથે પડી ગયો હોય જેને લઈ આરોપીને જવા–આવવાનો રસ્તો રાખવાનું કહેવા જતાં જાતિ અપમાનિત કરી ગડદાપાટુનો મારમારી અપમાનિત કરી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના નાગલોદ ગામે રહેતા કાન્તીભાઈ વણકર બાઈક ઉપર સામાન મૂકીને ઘરે જતા હતા. ત્યારે આરોપી ભારતભાઈ રત્નાભાઇ પટેલ તેમના ખેતર માંથી જતા રસ્તો ખોદી નાખેલ હોવાને લઈ કાન્તીભાઈ બાઈક સાથે પડી ગયા હતા. જેને લઈ ફરિયાદી ભારતભાઈને અવવા–જવા માટે રસ્તો રાખવાનું કહેવા જતા ભારતભાઈ પટેલ ગાળો આપીને જાતિઅપમાનિત કર્યા હતા અને અન્ય આરોપીઓ દોડી આવીને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવા ધમકી આપતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા આવી.

ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નં.૨ રામજી મંદિરની જમીનોમાં થયેલ ગેરરીતિની યોગ્ય તપાસની માંગ ઉઠી

નોંધ નંબર-૨ વાળી જમીનમાં સબ રજીસ્ટ્રાર કચેરી માંથી થતા દસ્તાવેજ ઉપર રોક લગાવાય

પંચમહાલ સમાચાર/ગોધરા,

ગોધરા તાલુકાના ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી જમીનોમાં ગોધરા સબ રજીસ્ટ્રેટરો એક પછી એક અધિકારી દ્વારા રામજી મંદિરની મિલ્કતોના મોટા પ્રમાણમાં લાંચો લઈ ફેરફાર કરી રહ્યા છે. ગોધરા સબ રજીસ્ટ્રેટર દ્વારા ગોધરા મામલતદારને આ બાબતે વારંવાર લેખિત જાણ પણ કરેલ છે. જે વાયુવેગ છે. તેમ છતાં નોંધ નંબર–૨ બાબતે જે રામજી મંદિરની ટ્રસ્ટની જમીનોમાં ગેરકાયદેસર કાયદા વિરૂદ્ધ સુધારા હુકમો તથા મહેસુલી વિભાગો તરફ અલગ અલગ પ્રકારની ખોટી દાન કરેલ મિલ્કતોમાં અસામાજીક તત્વો દ્વારા જેઓ તમામ રેવન્યુ રેકર્ડોથી વાકેફ હોય તેવા મુસ્લીમ કોમના ઈસમો દ્વારા ગોધરા મામલતદાર, ગ્રામ્ય વિભાગ, પ્રાંત ગોધરા, જીલ્લા કલેક્ટરના કર્મચારીઓએ દાનની મિલ્કતોમાં લાંચો લઈ મુસ્લીમ કોમના અમુક જ ઈસમોને ૧૨૧૨ એકર– ગુંઠા–૧૨ વાળી જમીનો સોનાની લગડી જેવીને નોંધ નંબર–૨ ઓનલાઈન ઉપર હોવા છતાં ઈ–ધરા મામલતદાર દ્વારા નહી મુકી તમામની તમામ રામજી મંદિરની જમીનો પોતાના કોમના હિન્દુ કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા દાન મિલ્કતોમાં ખોટી નીતિ રાખી અને કોઈપણ આધાર પુરાવા વગર મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓએ રામજી મંદિરની નોંધ–૨ વાળી ૧૨૧૨ એકર, ગુંઠા–૧૫ વાળી જમીનોમાં કોઈપણ નોટીસો આપ્યા વગર સુધારા હુકમ રજીસ્ટર દસ્તાવેજો એન.એ. તથા મહેસુલી વિભાગોની તમામ કાર્યવાહીઓ વાપરી મોટા પ્રમાણની રામજી મંદિરોની તમામ મિલ્કતો રફેદફે હિન્દુ કોમના કર્મચારીઓ, અધિકારીઓએ દાનની મિલ્કતોમાં લઘુમતી કોમના આગળ પડતા અમુક ઈસમોને મોટા પ્રમાણની મિલ્કતો આપી દેવામાં સફળ થયેલા હિન્દુ કોમના ઈસમો છે અને કેટલાક સમય થી નોંધ નંબર–૨ની ગામ નમુના ૬ હકક પત્રક કોઈ તલાટીઓ દ્વારા આપવામાં આવેલ નથી અને આ નોંધ ઓનલાઈન હોવા છતાં ઈ–ધરા મારફતે મુકવામાં આવેલ નથી. આ નોંધ બાબતે પંચમહાલ સમાચાર દૈનિક દ્વારા તત્કાલીન મામલતદાર પી.બી.કુંભાણી દ્વારા જાહેર માહિતી અધિકાર કાયદા ૨૦૦૫ હેઠળ નોંધ નંબર–૨ મોકલી આપેલ છે. પરંતુ વધુ માહિતી આપવામાં આવેલ નથી.

આમ, માહિતી ના આપવા બાબતે પ્રથમ ગોધરા પ્રાંત એન.બી.રાજપુત દ્વારા અપીલ બાબતે કોઈ રૂબરૂ સાંભળવાની તક આપવામાં આવેલ કે માહિતીના મુદ્દા બાબતે ૨૦૦૫ના કાયદા સરકાર આદેશોનું પાલન પણ કરેલ નથી. અને તેઓ દ્વારા નોંધ નંબર–૨ વાળી, ૧૨૧૨ એ ૧૫ ગુંઠા જમીન બાબતે રામજી મંદિરની જમીનો બાબતે કોઈ કાર્યવાહી નહી કરી કરાવી સત્તાનો દુરઉપયોગ કરાવવામાં આવેલ છે. આ જમીનો રામજી મંદિરની રેવન્યુ કર્મચારીઓ, અધિકારીઓને કોઈ હકક સરકાર દ્વારા આપવામાં આવેલ નથી. આ તમામ ફેરફાર અને અન્ય બાબતો ચેરીટી કમિશ્નરની કોર્ટોના હકક અધિકારો સોંપેલા છે. પરંતુ લઘુમતી કોમના ઈસમો દ્વારા આ તમામ મિલ્કતો ફેરફાર કરેલની વિગતોની તપાસ ગુજરાત સરકાર દ્વારા થાય તેવી માંગો ઉઠી છે. પરંતુ પંચમહાલ જીલ્લાના કલેકટરના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી અને મોટા પ્રમાણની લાંચ લઈ હિન્દુ કોમના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા ખુબ જ ઝડપી ફેરફાર કરેલ અને કરી રહ્યા છીએ. જો આવી દાનમાં આપેલી મિલ્કતો ખાશે અને ખવડાવશે તેવો ખોટું કરશે અને કરાવશે તો તેઓના ખરાબ દિવસો બહુ જ નજદીક છે. તે તમે આંખે જોશો અને કલયુગ પણ તમારા માથા ઉપર છે. એટલું યાદ રાખજો ખોટાનો ખોટો અંત છે. તેમ છતાં જીલ્લા પંચમહાલ કલેકટર ગોધરા તરફથી કોઈ કાર્યવાહી કરી કરવામાં આવેલ નથી. આ રામજી મંદિરની જમીનોમાં ચેરીટી કમિશ્નરના હુકમો નથી. નોંધ નંબર–૨ માં કોઈ રીપોર્ટોમાં રામજી મંદિરની નોંધો મુકવા બાબતે કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કોઈ રાજ્ય સરકાર તરફ ૧૨૧૨–એ–ગુંઠા–૧૫ બાબતે જાણ કરેલ નથી. આમ, ૧૯૬૮ કાયદાનો ભંગ મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓએ તમામ દાનની મિલ્કતો મોટી લાંચો લઈ મુસ્લીમ કોમના ઈસમોને પધરાવી દેવામાં આવેલ છે. આમ, મોટા પ્રમાણની રામજી મંદિરની જમીનો કયા કયા લઘુમતી અસામાજીક તત્વો પાસે છે અને કોન કોન કેટલી મિલ્કત ધરાવે છે અને કોને કોને વેચી પાડેલની તપાસ જીલ્લા કલેકટર, પ્રાંત ગોધરા તપાસ કરી કરાવી તેવી હિન્દુ સમાજની મિલ્કતો હોય પોતાના બાપ દાદાની સમજી લઘુમતી કોમના અસામાજીક તત્વો સામે યોગ્ય ૧૨૧૨–એ– ગુંઠા–૧૫ વાળી જમીનોની તપાસ થાય તેવી હિન્દુ સમાજે આશા વ્યકત કરી છે.